જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૧૩-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

અડાલજ ખાતે રાહુલ ગાંધીએ વિશાળ જન સંકલ્પ રેલીને સંબોધી

૨૦૧૯માં કોંગ્રેસ સત્તા પર આવશે તો ૧૦ દિવસમાં ખેડૂતોનું દેવુ માફ

અનિલ અંબાણી કાગળનું વિમાન પણ નથી બનાવી શકતા,અમે મસૂદ અઝહરને પકડ્યો, તમે તેને પાકિસ્તાન મુકી આવ્યા,મોદી સરકારે ઉદ્યોગપતિઓનું દેવુ માફ કર્યું પણ ખેડુતોનું નહીં

ગાંધીનગર

કોંગ્રેસની ૫૮ વર્ષ બાદ ગુજરાતમાં કારોબારી સમિતિની બેઠક મંગળવારે યોજાઈ. શાહીબાગ સ્થિત સરદાર સ્મારક ખાતે કોંગ્રેસના સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી તેમજ કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત કોંગ્રેસના મોવડીમંડળના નેતાઓની ઉપસ્થિતિમાં કારોબારી બેઠક મળી હતી. અડાલજના ત્રિમંદીર ખાતે યોજાયેલી કોંગ્રેસની જન સંકલ્પ રેલીમાં કોંગ્રેસ અધ્ય રાહુલ ગાંધીએ હુંકાર ભર્યો હતો. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં નરેન્દ્ર મોદી અને નફરતની હાર થશે.

રાહુલ ગાંધી સભામાં કહ્યું કે ઈતિહાસમાં પ્રથમ વાર સુપ્રીમ કોર્ટના ચાર જજ પત્રકારો પાસે જઈને કહે છે, અમને કામ કરવા દેવામાં નથી આવતું. ત્યારબાદ જજ લોયાનું નામ લે છે. સામાન્ય રીતે જનતા સુપ્રીમ કોર્ટ પાસે ન્યાય માટે જાય છે. આજના ભારતમાં સુપ્રીમ કોર્ટના જજ જનતા પાસે ન્યાય માંગે છે. આ ફક્ત સુપ્રીમ કોર્ટ સાથે નથી થઈ રહ્યું, દેશની સંસ્થાઓ પર આક્રમણ શરૂ છે, લોકોને વહેંચવામાં આવી રહ્યાં છે, નફરત પ્રસરાવામાં આવી રહી છે.

દેશના સાચા પ્રશ્નો

૪૫ વર્ષની સૌથી ઊંચી બેરોજગારી છે. વડાપ્રધાન મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપની વાત કરે છે, પરંતુ હકિકત એ છે કે દેશનો યુવાન અલગ અલગ પ્રદેશોમાં રોજગાર શોધવા ફરી રહ્યો છે. ૪૫૦ યુવાનોનો નરેન્દ્ર મોદી સરકાર ૨૪ કલાકમાં નોકરી આપે છે. ગુજરાતની ચૂંટણીમાં અમે ખેડૂતોની વાત કરી ખેડૂતોએ અમને સહકાર આપ્યો.

ખેડૂતોની સમસ્યા

મોદીજી ૩,૨૫,૦૦૦ કરોડ દેશના ઉદ્યોગપતિઓના માફ કરી શકે છે, પરંતુ ખેડૂતોનું દેવું માફ નથી કરી શકતા. અરૂણ જેટલી કહે છે, ખેડૂતોને દેવું માફ કરવું અમારી પોલિસી નથી. જો પાક નિષ્ફળ જાય તો પણ ફાયદો ઉદ્યોગપતિઓને થાય છે. રાજસ્થાન, છત્તીસગઢ, મધ્ય પ્રદેશમાં મેં સ્પષ્ટ કહ્યું હતું તે અમે માફ કર્યુ,



જો નરેન્દ્ર મોદી ૩,૧૫,૦૦૦ ખેડૂતોના માફ કરી શકે તો અમે ખેડૂતોનું દેવું માફ કરી દઈશું. અમે ખેડૂતોના પૈસા માફ કરી દઈશું. વડા પ્રધાન કહે છે કોંગ્રેસ ખોટું બોલે છે. કોંગ્રેસે ૨ દિવસમાં આ રાજયોમાં ખેડૂતોનું દેવું માફ કર્યુ, મને દુખ છે કે અમે ગુજરાતના ખેડૂતોને દેવું માફ કરી ન શક્યા.

નોટબંધી

વડાપ્રધાને કોઈને પૂછ્યા ગાછ્યા વગર નોટબંધી કરી, ગુજરાતના વેપારીઓની જે અસ્મિતા છે. નાના વેપારીઓ જે તમારી કરોડરજુ છે, તેને નરેન્દ્ર મોદીએ એક દિવસમાં કમર ભાંગી નાંખી. જે ભીડ બેંક સામે ઉભી હતી ત્યાં તમે અનિલ અંબાણી, નિરવ મોદી, મેહુલ ચોક્સી હતા? નહીં? શું તમારા ખાતામાં ૧૫ લાખ આવ્યા નહીં?

જીએસટી

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે જીએસટી એટલે કે ગબ્બરસિંહ ટેક્સ એક જ હશે પરંતુ તે ૫ ટેક્સ હતા. ૨૦૧૯માં જેવી અમારી સરકાર બનશે અમે તમને એક ટેક્સ વાળું જીએસટી આપીશું. વડાપ્રધાન મોદી સાચા મુદ્દાની વાત કરવા નથી માંગતા.

ચોકીદાર..

મેં ચોકીદાર શબ્દ કીધો તમે જવાબ આપ્યો. નરેન્દ્ર મોદી દરેક રાજ્યોમાંથી દેશભક્તિની વાત કરે છે. તેઓ કહે છે હું દેશભક્ત છું.

રાફેલ

નરેન્દ્ર મોદી વાયુસેનાની પ્રસંશા કરે છે પરંતુ તે દેશને એવું નથી જણાવતા કે નરેન્દ્ર મોદીએ વાયુસેનાના ખિચ્ચામાંથી ૩૦,૦૦૦ કરોડ ચોરી અનિલ અંબાણીના ખિસ્સામાં નાંખ્યા છે. યુપીએ વખતે મનમોહનસિંહ અને અન્ટની જીએ ૧ રફાલ ૫૨૬ કરોડમાં સોદો કર્યો હતો. એચએએલને રફાલનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. અનિલ અંબાણીએ જીવનમાં પ્લેન નથી બનાવ્યા. બેંકના ૪૫,૦૦૦ કરોડનું દેવું છે. એચએએલ કંપનીએ ૩,૦૦૦ કરોડ પોતાના પૈસા દેશને આપ્યા છે. અનિલ અંબાણી કાગળનું પ્લેન નહીં બનાવી શકે.

ભ્રષ્ટાચાર

મોદીજીએ વડાપ્રધાન ભ્રષ્ટાચાર વિશે કહ્યું હતું કે અમે ભ્રષ્ટાચાર કાઢીશું. સંરક્ષણ મંત્રાલયના કાગળોમાં લખ્યું છે કે વડાપ્રધાન મોદીએ ફ્રાંસ સાથે સમાંતર વાટાઘાટો કરી.

રાહુલનું 'મસૂદ અઝહર જી' તો રવિશંકરનું 'હાફિઝ જી': ભાજપ-કોંગ્રેસ આમને-સામને

ન્યુ દિલ્હી

પુલવામા આતંકવાદી હુમલા અને બાલાકોટ એરસ્ટ્રાઇક બાદ રાષ્ટ્રવાદનો મુદ્દો ચૂંટણીની રેલીઓમાં છવાયેલો છે. આ મુદ્દે સત્તાધારી ભાજપને ઘેરવાના પ્રયાસમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સોમવારે જૈશ-એ-મોહમ્મદના આકા મસૂદ અઝહરને 'મસૂદ અઝહર જી' કહી બેઠા. જે પછી ભાજપે તેમના પર પ્રહાર કરવામાં કોઈ કસર ન છોડી.

પરંતુ હવે કોંગ્રેસે પણ ભાજપને જોરદાર જવાબ આપ્યો છે. કોંગ્રેસ પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ મંગળવારે સવારે કાયદા મંત્રી રવિશંકર પ્રસાદનો એક વીડિયો ટ્વીટ કર્યો જેમાં તેઓ મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હાફિઝ સઈદને 'હાફિઝ જી' કહી રહ્યાં છે.

પ્રિયંકા ચતુર્વેદીએ પોતાના ટ્વીટમાં લખ્યું કે અપેક્ષા છે કે આ વીડિયોને ભાજપની નવી વેબસાઇટમાં સારું સ્થાન મળશે, જ્યારે એ વેબસાઇટ ચાલુ થઇ જશે. ભાજપ નેતૃત્વ અને તેમનું હાફિઝ સઇદ દ્વારા સમર્થન. એ સિવાય તેમને એ પણ યાદ હશે જ્યારે તેમણે વેદપ્રકાશ વૈદિકને હાફિઝને ગળે લગાડવા અને વાત કરવા મોકલ્યા હતાં.

પ્રિયંકા ચતુર્વેદીએ આ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવલની તસવીર પણ શેર કરી છે જેમાં તેઓ મસૂદ અઝહરને મૂકવા જઇ રહ્યાં છે. આ તસવીર કંદહાર ઘટના સમયની છે. જ્યારે રવિશંકર પ્રસાદનો વીડિયો ગયા વર્ષના જૂનનો છે જે દરમિયાન તેઓ કોંગ્રેસને ઘેરવા માટે યોજેલી એક પ્રેસ કોન્ફરન્સમાં હાફિઝ સઈદને હાફિઝ જી કહી બેઠાં હતાં.

'હાર્દિકે વિશ્વાસઘાત કર્યો, પાટીદાર સમાજ જ તેને ચૂંટણીમાં હરાવશે': સીએમ રૂપાણી

ગાંધીનગર

અમદાવાદમાં કોંગ્રેસની સીડબલ્યુસીની બેઠક થઈ. આ બેઠકમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મનમોહન સિંહ સહિતના કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ ઉપસ્થિત હતા ત્યારે હાર્દિક પટેલ મંગળવારે કોંગ્રેસમાં જોડાયા. આ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, હાર્દિક કોંગ્રેસનું રમકડું છે. આજે તે ખુલ્લો પડી ગયો છે. મીડિયા સાથે વાતચીત કરતાં સીએમ રૂપાણીએ કહ્યું કે, અમે તો વર્ષોથી કહેતાં આવ્યા છે કે, હાર્દિક પટેલ કોંગ્રેસનું જ રમકડું છે. તે કોંગ્રેસ માટે જ આંદોલન ચલાવતો હતો. તેને સમાજની કંઈ પડી જ નહોતી. હાર્દિકે વિશ્વાસઘાત કર્યો છે. પાટીદાર સમાજ જ તેને આ ચૂંટણીમાં હરાવશે. તેમણે કહ્યું કે, હાર્દિક અનેકવાર મીડિયા સમક્ષ કહી ચૂક્યો છે કે, તે કોંગ્રેસમાં જોડાવવાનો નથી. મારા સમાજને અનામત મળવી જોઈએ. તેણે માત્ર પ્રજા સાથે છેતરપિંડી કરી છે. તે કોંગ્રેસમાં જોડાવવા જઈ રહ્યો છે ત્યારે તે ખુલ્લો પડી ગયો છે. તેની વાત હવે પ્રજા સામે આવી ગઈ છે. ઉપરાંત વિજય રૂપાણીએ કોંગ્રેસની મળી રહેલી સીડબ્લ્યુસીની બેઠક પર પણ પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, કોંગ્રેસની આ બેઠકથી કોઈ ફેર પડવાનો નથી. પરિવારવાદમાં સંપડાયેલી કોંગ્રેસ આમાંથી કંઈ કાઢી શકે તેમ નથી. ગુજરાતની ૨૬ બેઠકો ભાજપને જ મળવાની છે. કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જોડાઈ રહ્યાં છે. આ બતાવે છે કે કોંગ્રેસ નેતા, નીતિ અને નિયતથી ખૂબ દૂર છે.

દિલ્હી કોર્ટમાં ક્રિશ્ચન મિશેલનું મોટું નિવેદન

રાકેશ અસ્થાનાએ મને ધમકી આપી હતી કે મારું જીવન નર્ક બનાવી દેશે

ન્યુ દિલ્હી

અગસ્તા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર કૌભાંડમાં મધ્યસ્થી એવા ક્રિશ્ચન મિશેલે દિલ્હી કોર્ટને મંગળવારે જણાવ્યું કે, પૂર્વસીબીઆઈ ડિરેક્ટર રાકેશ અસ્થાના તેમને દુબઈમાં મળ્યા હતા અને ધમકી આપી હતી કે તેઓ જેલમાં તેની જિંદગી નર્ક જેવી કરી નાખશે, જો તે કૌભાંડની તપાસમાં તેમને સાથ નહીં આપે. ક્રિશ્ચન મિશેલે જણાવ્યું કે, "થોડા સમય પહેલા રાકેશ અસ્થાના મને દુબઈમાં મળ્યા હતા. મને ધમકી આપી હતી કે તારું જીવન હું નર્ક બનાવી દઈશ અને આજે એવું જ થઈ રહ્યું છે. મારી બાજુની કોઠડીમાં ગેંગસ્ટર છોટા રાજનને રાખવામાં આવેલો છે... હું એ સમજી શકતો નતી કે મેં એવો તો કયો ગુનો કર્યોછે કે મને એવા લોકોની સાથે રાખવામાં આવ્યો છે, જેમણે અસંખ્ય લોકોની હત્યા કરી છે." મિશેલે કોર્ટરૂમમાં કોર્ટને જણાવ્યું કે, તેને જેલમાં ૧૬-૧૭ કાશ્મિરી અલગતાવાદીઓ સાથે રાખવામાં આવ્યો છે. મિશેલે ન્યાયાધિશ અરવિંદ કુમાર સામે જે નિવેદન આપ્યું છે તેના અંગે કોર્ટે દિલ્હીની તિહાર જેલમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને તપાસ કરવા જણાવ્યું છે. કોર્ટે જણાવ્યું કે, એજન્સી બુધવારે અને ગુરુવારે તેમની પુછપરછ કરી શકે છે. કોર્ટે વધુમાં જણાવ્યું કે, આ પુછપરછ દરમિયાન જેલમાં મિશેલની સાથે તેમના વકીલ પણ હાજર રહી શકે છે. આ પુછપરછ સવારે અડધો કલાક અને સાંજે અડધો કલાક કરી શકાશે.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી સેલ્સ ઓફિસર જોઇએ છે.

કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.

પગાર અનુભવ અને લાયકાત મુજબ

Mo. 75750 06847

Email : market4u19@gmail.com



MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો

ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત



GPS Market

RV-04



- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X

For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo - password : 123456

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

પ્રોહીબીશન નો ગણના પાત્ર કેશ શોધી કાઢતી જેતપુર સિટી પોલીસ



રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક બલરામ મિણા તથા નાયબ પોલીસ અધિક્ષક જે.એમ.ભરવાડ જેતપુર વિભાગ તરફથી દારૂ તથા જુગારની બદીને સંપુર્ણ રીતે નેસ્તનાબુદ કરવા આપેલ સુચના અન્વયે જેતપુર સિટી ના પો.ઈન્સ. વી આર વાણીયા સાહેબ તથા પોલીસ એ.એસ.આઈ. જે.વી.સીંધલ, એમ.આર.રાડા પો.કોન્સ. કિર્તીરાજસિંહ જાડેજા, અજીતભાઈ જણકાટ, મેહુલભાઈ બારોટ પેટ્રોલીગમા હતાં તે દરમ્યાન પો.કોન્સ. અજીતભાઈ જણકાટ ને મળેલ હકીકત ના આધારે જેતપુર નવાગઢ ખોડીયાર નગર માથી આરોપી બાબુભાઈ રાજુરામજી વિશણવય રહે. નવાગઢા ખોડીયાર નગર વાળા પાસે થી ભારતીય બનાવટ નો ઈંગ્લીશ દારૂ ની જુદી જુદી બ્રાંન્ડ ની બોટલ નગ ૧૯ તથા ચપલા નંગ ૪૯ મળી કુલ મુદ્દામાલ ૧૩,૯૦૦/-સાથે મળી આવતા. કાયદેસર ની કાર્યવાહી કરવા માં આવેલ છે.

કતારગામ, વેડરોડ પર હ્યુમન રાઈટ્સના નામે ખંડણી માંગતી ટોળકી સામે ગુનો દાખલ

કે.ડી. પટેલ આણી મંડળીએ કોઝવે રોડ પરના ડોક્ટરને ધમકાવી રૂા.પાંચ લાખની ખંડણીની માંગણી કરાતા પોલીસ ફરિયાદ

સુરત

કતારગામ-વેડરોડ વિસ્તારમાં લેભાગુ તત્ત્વો દ્વારા તબીબી પ્રેક્ટિશ કરનારા પાસે જઈ લાખો રૂપિયા ખંડણી માંગવાના કિસ્સા વધતા જાય છે. હ્યુમન રાઈટ્સના નામે કે.ડી. પટેલ આણી ટોળકી ડોક્ટરોને ડરાવી ધમકાવી રૂપિયા પડાવી રહી છે. આવી જ એક ઘટનામાં કોઝવે રોડ ડી માર્ટ પાસેના ડૉ. અરવિંદકુમાર યોગદત્ત શર્માએ આરોપી કે.ડી. પટેલ અને તેના બે સાગરીતો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ચોક પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લાલદરવાજા રેશમવાડ વિસ્તારમાં રહેતાં અને કોઝવે રોડ ડી.માર્ટ પાસે ક્લીનિક ધરાવતા અરવિંદકુમાર યોગદત્ત શર્માએ આપેલી ફરિયાદ મુજબ આરોપી કે.ડી. પટેલ અને તેના બે સાગરીતો ફરિયાદીની પત્ની પાસે આવી હ્યુમન રાઈટ્સ એક્ટીવિશ તરીકેની ઓળખ આપી તમો પ્રાઈવેટ પ્રેક્ટિશ કરો છો, તો તમારે મને પાંચ લાખ રૂપિયા આપવા પડશે, નહીંતર હું તમારી કેરિયર ખતમ કરી પેપરના પાનેચઢાવી દઈશ. તમારી આબરૂના ધજાગરા ઉડાવીશ તેમ જણાવીને ફરિયાદીની પત્નીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરિયાદીની પત્નીના કરંજ હેલ્પ સેન્ટર ખાતે જઈ બળજબરીથી પાંચ લાખ કઢાવવાની કોશિશ કરી હતી. બનાવ અંગે ચોક પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

અજાણ્યા વાહને ઉડાવી દેતા બાઈક સવારનું મોત

સુરત

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઓલપાડ તાલુકાના સોદામીઠા ગામના વતની શૈલેન્દ્રસિંહ મોરથાણાએ પોલીસ મથકમાં નોંધાવેલી એક ફરિયાદમાં જણાવ્યું હતું કે, બાઈક નંબર જીજે-૦૫-ડીબી-૫૮૭૦ લઈને ખેતરમાં કામ કરતો ચાકર કિશનભાઈ રાઠોડ તથા તેના મિત્ર નગીનભાઈ નાનુભાઈ રાઠોડ ખેતરમાં કામ કરતા જતો હતો. ત્યારે અજાણ્યા વાહન ચાલકે પૂરપાટ ઝડપે વાહન હંકારી તેમની બાઈકને ટક્કર મારી ચાકર કિશનભાઈનું મોત નીપજાવી ફરાર થઈ ગયો હતો. જયારે તેનો મિત્ર નગીનભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. કીમ પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



સુરતમાં યુવાનોને બરબાદ કરવા ડ્રગ્સની હેરાફેરી કરી બે આરોપી અઠવા પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે બંને આરોપી પાસેથી ૩૯ ગ્રામ અને ૧૫૦ મીલીગ્રામ ડ્રગ્સ સહિત કુલ ૨ . ૬૪ લાખની મત્તા કબ્જે કરી હતી . આ ઘટનામાં પોલીસે મુંબઈના એક આરોપીને વોન્ટેડ જાહેર કરી તપાસ શરૂ કરી છે . પોલીસે બંને આરોપીઓની કડક પૂછપરછ કરતા તેઓને આ ડ્રગ્સ મુંબઈના બાંદ્રા ખાતે રહેતા ઈમ્તિયાઝ નામના ઈસમ પાસેથી લાવ્યા હોવાનું કબૂલ્યું હતું . જેથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી .

દાંડી યાત્રાની ૮૯મી જયંતી અવસરે રાણપુરમાં મહાત્મા ગાંધીને ભાવાંજલિ અપાઈ



ઐતિહાસિક દાંડી યાત્રાની ૮૯મી જયંતી અવસરે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિ રાણપુર સ્થિત ક્રાંતિકારી જૈન મુનિશ્રી સંતબાલજી પ્રેરિત અગ્રગણ્ય ખાદી સંસ્થા ભાલ નલકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ ખાતે મહાત્મા ગાંધીને ભાવાંજલિ અપાઈ હતી.જેમાં ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પીનાકી મેઘાણી,ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના પ્રમુખ ગોવિંદસિંહ ડાભી સહીત સંસ્થાના કર્મચારી સ્ટાફ દ્વાર મહાત્મા ગાંધી ને ભાવાંજલિ આપી હતી.

આજથી હોળાષ્ટકનો પ્રારંભ, લગ્ન સહિતના શુભ કાર્યોને બ્રેક લાગશે

ગાંધીનગર

૧૩ માર્ચથી હોળાષ્ટકનો પ્રારંભ થઈ રહ્યો છે, જે ૨૦ માર્ચ સુધી રહેશે. જેના કારણે હોળાષ્ટક દરમિયાન લગ્ન સહિતના વિવિધ પ્રકારના શુભ કાર્યોને બ્રેક લાગશે. આ ઉપરાંત ૧૪ માર્ચથી મીનારક કમુરતાંનો પણ પ્રારંભ થઈ રહ્યો છે.

મીનારક કમુરતાં એક મહિનો એટલે કે ૧૪ એપ્રિલ સુધી રહેશે. આ સમય દરમિયાન પણ લગ્નો નહીં થઈ શકે.પરંતુ આ કમુરતાંના સમયનો લાભ લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોને ફળી જશે. ૧૭ એપ્રિલથી લગ્નસરાની સિઝન શરૂ થઈ રહી છે તેથી માત્ર એક સપ્તાહ સુધી થોડો ફર્ક પડશે.

શિયાળુ લગ્નોત્સવમાં બુધવાર ૧૩ માર્ચ અંતિમ મુહૂર્ત છે આગામી તા.૧૪ માર્ચને બુધવારના રોજ સૂર્યનો મીન રાશિમાં પ્રવેશ થવાનો છે. સૂર્યના મીન રાશિમાં પ્રવેશને મીનારક કમુરતાં કહેવામાં આવે છે. મંગળવારથી આ મીનારક કમુરતાં શરૂ થતાંની સાથે લગ્ન, વાસ્તુ, ગૃહ પ્રવેશ તથા દેવ પ્રતિષ્ઠા ઈત્યાદિ શુભ કાર્યો આ સમયગાળા દરમિયાન થશે નહી. એકાદ માસ સુધી આ કમુરતાં ચાલશે અને તેનો અંત ૧૪ એપ્રિલ,૨૦૧૮, ચૈત્ર વદ-૧૩ના રોજ આવશે. મીનારક કમુરતાંના આ એક માસના સમયગાળા દરમિયાન સૂર્યની ઉપાસના વિશેષ ફળદાયી અને પરિણામલક્ષી બને છે.

આ સમય દરમિયાન વાગ્દાન (વચનથી બંધાવવું), સીમંત, રાંદલ તેડવા, સત્યનારાયણ ભગવાનની કથા અને શ્રાદ્ધ કર્મ તથા અન્ય ધર્મકાર્યો, દાન-પુણ્ય, બ્રહ્મ ભોજન કરવા કે કરાવવામાં કોઈ પણ પ્રકારનો નિષેધ નડતો નથી.

હાર્દિકે પાટીદારોને અંધારામાં રાખી સમાજ સાથે દગો કર્યોઃ નીતિન પટેલ

ગાંધીનગર

પાટીદાર અનામત આંદોલનથી રાજકારણમાં પ્રવેશ કરનાર હાર્દિક પટેલે કોંગ્રેસ પાર્ટીનો હાથ થાંભતા જ ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વિધિવત રીતે ખેંસ પહેરાવની હાર્દિક પટેલને કોંગ્રેસમાં ભેળવ્યો હતો ત્યારબાદ રાજયના ઉપમુખ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે હાર્દિક પટેલે પાટીદારોને અંધારામાં રાખી સમાજ સાથે દગો કર્યો.

નીતિન પટેલે કહ્યું, "જે હાર્દિક પટેલે ગુજરાતમાં અનામતનો પ્રશ્ન ઊભો કરી ગુજરાતની શાંતિ સલામતીને ડહોળી. ભગતસિંહ કહીને પોતાની જાતને સમાજ સમક્ષ આગળ ધરી. જે વ્યક્તિએ સતત એવું કીધેલું કે હું રાજકીય વ્યક્તિ નથી, હું પાટીદારોને ઓબીસીને લાભ અપાવવા આવ્યો છું. એ વ્યક્તિએ ગુજરાતની સમરસતામાં ભેદ પાડવાનો, ભાગલા પાડવાનો પ્રયાસ કર્યો છે. જ્યારથી આંદોલન શરૂ થયું ત્યારથી અમે સતત કહેતા હતા કે આ વ્યક્તિ પાટીદારોને અનામતનો ફાયદો કરાવવાનો પ્રયાસ નથી કરતા પરંતુ કોંગ્રેસના છૂપા આશિર્વાદથી. કોંગ્રેસની આર્થિક મદદથી, કોંગ્રેસના ઈશારે આ વ્યક્તિ ભારતીય જનતા પક્ષ જેની સાથે ૯૫ ટકા પાટીદાર સમાજ સાથે રહ્યો છે, તેમાં ભાગલા પડાવી અને અન્ય જ્ઞાતિઓથી પાટીદારોને અલગ પાડવાની કોંગ્રેસની એક નીતિ હતી તેના એજન્ટ તરીકે કામ કરે છે. અમે અગાઉ સતત કહેતા હતા ત્યારે હાર્દિક એવું કહેતો કે હું સમાજ માટે આવ્યો છું."

નીતિન પટેલે પ્રિયંકા ગાંધી વિશે કહ્યું હતું કે ગાંધી પરિવારની ગાંધીજી પ્રત્યે કેટલી ભાવના છે, તે આજે જાહેર થઈ ગઈ.

લોકસભાની સામાન્ય ચૂંટણી માટે જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા કામગીરી આરંભાઈ

ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રીમતી રેમ્યા મોહનના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

ભુજ

ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ સમગ્ર દેશ સહિત કચ્છમાં પણ આદર્શ આચારસંહિતા લાગુ પડી ગઈ છે ત્યારે ચૂંટણી સંબંધીત કામગીરી માટે જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા લેવાઈ પગલાં અંગેની માહિતી આપવા માટે કચ્છ કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી રેમ્યા મોહનના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું.

ભુજ કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે આજે યોજાયેલ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા શ્રીમતી રેમ્યા મોહને જણાવ્યું હતું કે ચૂંટણીની આદર્શ આચારસંહિતાના અમલીકરણની કામગીરી પૂર જોશમાં ચાલી રહી છે. જિલ્લા કક્ષાએ આદર્શ આચારસંહિતાના અમલીકરણ માટે નોડલ ઓફિસર તરીકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, ભુજને નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉપરાંત જિલ્લાની વિધાનસભા બેઠક પ્રમાણે કુલ ૧૮ જેટલી ટીમો બનાવવામાં કરવામાં આવી છે. ઉમેદવારોના ચૂંટણી ખર્ચ સંબંધીત ટીમોની પણ રચના કરવામાં આવી છે જેના જિલ્લા કક્ષાએ નોડલ ઓફિસર તરીકે જિલ્લા વિકાસ અધિકારી, ભુજ ને નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૯ જેટલી ફ્લાઈંગ સ્વોર્ડની પણ રચના કરવામાં આવી છે. વધુમાં કલેક્ટર શ્રીમતી રેમ્યા મોહને જણાવ્યું હતું કે કચ્છ જિલ્લામાં નોંધાયેલા ૧૮૪૬ મતદાન મથક પ્રમાણે ૧૯૧ ઝોનલ રૂટ અને પ્રત્યેક રૂટના નિરીક્ષણ માટે એક એક ઝોનલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે તેમજ ૧૮ જેટલા ઝોનલ ઓફિસરોને રીઝર્વ રખાયા છે. આ ઉપરાંત વિવિધ કામગીરી માટે સ્ટાફ, ઈવીએમ, ટ્રાન્સપોર્ટ, ચૂંટણી ખર્ચ, કાયદો અને વ્યવસ્થા વગેરે પર દેખરેખ રાખવા માટે ૨૧ નોડેલ અધિકારીઓની નિમણૂંક કરાઈ છે.

કલેક્ટર શ્રીમતી રેમ્યા મોહને આદર્શ આચારસંહિતાના અમલીકરણની વિગતો આપતા કહ્યું કે જિલ્લામાં માધ્યમ પ્રમાણિકરણ અને દેખરેખ નિયંત્રણ સમિતિ (સ્મ્સ્મ) ની રચના કરવામાં આવી છે. નાયબ માહિતી નિયામક શ્રી તેના સભ્ય સચીવ તરીકે કામગીરી કરશે. આ સમિતિ પેઈડ ન્યૂઝ પર નિયંત્રણ રાખવા અને પગલા લેવાની કામગીરી કરશે. વધુમાં આચારસંહિતા ભંગની કોઈપણ ફરિયાદ માટે નાગરિકો ઝટ્ટ્વ્ઘ્ઘ્ઘ્ એપ્લીકેશનનો ઉપયોગ કરી શકશે જેમાં ફરિયાદીનું નામ પણ ગુપ્ત રાખી શકાય છે. એપ્લીકેશન દ્વારા કોઈ પણ વ્યક્તિ સ્થળ પરથી જ ફોટો કે વિડીયોના માધ્યમથી ફરિયાદ કરી શકશે. આ એપ્લીકેશન પ્રથમ તબક્કાની ચૂંટણી પ્રક્રિયાનું જાહેરનામુ પ્રસિદ્ધ થયે એટલે કે ૧૮ માર્ચ પછી ફરિયાદ દાખલ કરી શકાશે.

પ્રેસ કોન્ફરન્સનાં પ્રારંભે નાયબ ચૂંટણી અધિકારી શ્રી બી.એમ. પ્રજાપતિએ જરૂરી પૂરક માહિતી આપતાં તંત્ર દ્વારા લોકસભાની ચૂંટણીમાં કચ્છ જિલ્લામાં કુલ ૧૪,૬૭,૧૮૭ મતદારો નોંધાયેલા છે જે પૈકી ૧૭,૪૩૨ મતદારોનો ઉમેરો થયેલ છે તેમ જણાવી તેમજ મતદાર યાદીમાં નામ નોંધણીની પ્રક્રિયા હજુ ચાલુ છે તેથી મતદારોમાં વધારો થઈ શકે છે. કચ્છ જિલ્લામાં કુલ ૩૯૫ સર્વિસ વોટર નોંધાયેલા છે જેઓ બેલેટ પેપરથી પોતાનું મતદાન કરી શકશે. શ્રી પ્રજાપતિએ વધુમાં જણાવ્યું હતું કે મતદારો પોતાનું નામ મતદારયાદીમાં જાણી શકે તે માટે ફ્ઁઈઇ ઉઁઈન્દ્ધઈ એપ્લીકેશન ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકે છે. મતદાર જાગૃતિ માટે શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ મારફતે તેમના વાલીઓ પાસેથી સંકલ્પપત્રો કુલ ૩,૧૯,૭૦૦ પત્રો ભરાવીને પરત મેળવવામાં આવ્યા છે. ઈફસ-ફઁછ્ નિદર્શન કાર્યક્રમો અંતર્ગત ૨૪૯૧૩ લોકોએ નિદર્શનનો લાભ લીધો છે. ઉપરાંત જિલ્લા કક્ષાએ જનસેવા કેન્દ્ર મધ્યે પણ ઈફસ-ફઁછ્ નિદર્શન કાર્યરત હોવાનું પણ જણાવ્યું હતું. જિલ્લા કક્ષાએ મતદારોને માહિતી માટે કંટ્રોલ રૂમ ઉભો કરવામાં આવ્યો છે તેનો ટોલ ફ્રી નં. ૧૯૫૦ છે ભુજ સિવાય અન્ય તાલુકામાંથી માહિતી મેળવવા માટે ભુજના એસ.ટી.ડી. કોડ ૦૨૮૩૨-૧૯૫૦ સાથે લગાવવાનો રહેશે. શ્રી પ્રજાપતિએ ચૂંટણીલક્ષી તમામ કામગીરી માટે ૧૪૨૩૬ કર્મચારીઓ પણ ફાળવવામાં આવ્યાનું તેમજ જિલ્લામાં વિધાનસભા બેઠક પ્રમાણે ૫ એમ કુલ ૩૦ સખી પોલીગ સ્ટેશન ઉભા કરાશે જેમાં પોલીંગ મથકોમાં તમામ સ્ટાફ તેમજ સિક્યોરિટી મહિલાઓને રાખવામાં આવશે. રાજકીય પક્ષો તેમજ ઉમદવારોને સભા, સરઘસ વગેરેની પરમીશન માટે વિધાનસભા બેઠક પ્રમાણે સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. નાયબ માહિતી નિયામક તેમજ સ્મ્સ્મ કમિટિના સભ્ય સચીવ શ્રી એમ.વી. માલીએ પેઈડ ન્યૂઝ સંબંધીત બાબતો તપાસવા તેમજ પગલાં લેવા, કેસ પર નજર અને નિયંત્રણ રાખવા માટે માહિતી ખાતાની કચેરી ખાતે સ્મ્સ્મ કમિટિ કાર્યરત કરાઈ છે તેમ જણાવ્યું હતું.

જન્મોજનમ સુધી એકબીજાના બની જઈએ આપણે પ્રેમના સબંધને વધુ મજબુત કરીએ



સાંજનો સમય છે અને બગીચામાં અનેક પ્રેમી યુગલો બેસીને પ્રેમનો આનંદ માણી રહ્યા છે. જીંદગીની તમામ તકલીફો ભુલીને અનેક લોકો પ્રેમની શોધમાં બગીચામાં આવી રહ્યા છે. તો કેટલાક લોકો ફક્ત પ્રેમીઓને જોવા માટે કે મનની શાંતિ માટે બગીચામાં નિયમીત આવી રહ્યા છે. કેટલાક વિઘ્ન સંતોષી લોકો દ્વારા પ્રેમી યુગલોની મશ્કરી કરીને પરેશાન પણ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે પ્રેમી યુગલો પ્રેમના દુશ્મન સમાન વિઘ્ન સંતોષી લોકોથી દુર રહેવાનું પસંદ કરી રહ્યા છે. બગીચામાં નિયમીત સાંજના સમયે મળતા અનેક પ્રેમી યુગલોમાંથી એક છે હેતા અને પણવ. પણવનો સ્વભાવ શાંત, ગંભીર અને ઝડપથી ગુસ્સે ન થાય તેવો છે. જ્યારે હેતા ચંચળ, હસમુખી અને સાથે સાથે ખુબ ગુસ્સાવાળી છે. હેતા નાની નાની વાતોમાં પણ ગુસ્સે થઈ જાય છે અને ગમે તેની સાથે ઝગડવા લાગે છે. પણવ હેતાને હંમેશા સમજાવતો રહે છે કે ગુસ્સોએ આપણી કમજોરી છે અને ક્ષણીક ગુસ્સાનું પરીણામ ઘણી વખત મોટી આફત લઈને આવી શકે છે. બગીચામાં પણ કઈક આવુ જ બને છે. કેટલાક પ્રેમના દુશ્મન એવા વિઘ્ન સંતોષી લોકો પણવ અને હેતા પાસે આવીને મશ્કરી કરવાની શરૂ કરે છે ત્યારે પણવ હેતાને કહે છે કે આપણે બગીચાની બહાર જઈને કોઈ સારી રેસ્ટોરન્ટમાં જઈને બેસવા જઈએ અને કોઈના પણ વિઘ્ન વગર શાંતિથી મનભરીને પ્રેમની વાતચીત કરશુ. પણવની આ વાત સાંભળીને હેતા કહે છે કે, પ્રેમી તો કોઈના થી ડરતા ન હોય પરંતુ તું તો આવા સડકછાપ લોકોથી પણ ડરી ગયો લાગે છે. પ્રેમમાં મુશ્કેલીનો સામનો કરવો પડે, સામે પડકાર જીલતા શીખ પણવ. પણવે કહ્યુ કે, હું પ્રેમમાં કોઈનાથી ડરતો નથી અને પરંતુ ખોટા વિવાદમાં પડવા માંગતો નથી. હેતા અને પણવ આવી વાતચીત કરી રહ્યા હોય છે ત્યારે વિઘ્ન સંતોષી લોકો વધુ નજીક આવી જાય છે અને હેતા તરફ પથ્થરનો ઘા કરે છે. હેતા ત્વરીત ઉભી થઈ જાય છે અને પથ્થર વાગે નહી તે રીતે પણવને પણ થોડો દુર ખસેડી દે છે. પણવ હજુ પણ હેતાને સમજાવી રહ્યો છે કે આવા લોકોથી દુર રહેવાય અને ખોટી આપણી શક્તિનો વ્યય ન કરાય. પરંતુ માને તો એ હેતા ન કહેવાય. હેતાનો ગુસ્સો સાતમા આસમાને પહોચી જાય છે અને તે પથ્થર ઉપાડીને પથ્થરનો ઘા કરનાર વ્યક્તિનું માથુ ફોડી નાખે છે. હેતા બગીચામાં પડેલા પથ્થરો હાથમાં લઈને લલકારતા કહે છે કે, કોનામાં છે હિમ્મત કે અમારા તરફ પથ્થર ફેંકી શકે. હેતાનું રૌદ્ર સ્વરૂપ જોઈને વિઘ્ન સંતોષી લોકો ડરી જાય છે અને લોહીલુહાણ હાલતમાં પોતાના સાથીને લઈને બગીચામાંથી બહાર નિકળી જાય છે. આ સમયે પણ પણવ હેતાને ઠપકો આપતા કહે છે કે, તું ઝડપથી ઉશ્કેરાઈ જાય છે અને આવી રીતે કોઈનું માથુ ફોડી ન નખાય, કોઈ વ્યક્તિની લોહીલુહાણ ન કરી નખાય ત્યારે હેતાએ પણ શાંતીથી કહ્યુ કે, જો કોઈ વ્યક્તિ મારા કે તારી સામે પથ્થર ફેંકશે કે પછી પ્રેમમાં અડચણરૂપ બનશે તો તેમની આવી જ હાલત કરવામાં આવશે. હેતા તું ગુસ્સો ન કર અને થોડી શાંતિ રાખ તેમ પણવે કહ્યુ પરંતુ હેતા શાંત પડતી નથી. આખરે પણ હેતાને સમજાવીને બગીચાની બહાર


(તસ્વીર પ્રતિકાત્મક છે)

નિકળે છે અને નજીકમાં આવેલી રેસ્ટોરન્ટમાં લઈ જાય છે. હેતા અને પણવ રેસ્ટોરન્ટમાં નાસ્તાનો ઓર્ડર આપે છે અને શાંતિથી બેસીને પ્રેમની વાતોની સાથે નાસ્તો કરી રહ્યા છે. પણવ હેતાને ખુબ જ સમજાવે છે કે ઝગડોએ પ્રેમનો દુશ્મન છે અને જો તું કોઈને સાથે ઝગડો કરતો રહીશ તો આપણે એક દીવસ છુટા પડવાનો વારો આવી શકે છે. ક્યાંય એવું ન થઈ જાય કે તારા ગુસ્સાના કારણે આપણા પ્રેમનો ભોગ લેવાઈ જાય. આ સાંભળીને હેતા સ્તબ્ધ થઈ જાય છે અને થોડીવાર માટે એક પણ શબ્દ બોલી શકતી નથી. હેતા રડવા લાગે છે અને પણવને કહે છે કે ગુસ્સાથી જો આપણા પ્રેમનો ભોગ લેવાઈ જતો હોય તો હું ક્યાંરેય કોઈના પર ગુસ્સો કરવાની શરૂઆત નહી કરૂ. હું કોઈની સાથે ઝગડો કરવાની શરૂઆત નહી કરૂ, હું કોઈના પર હાથ નહી ઉપાડું પરંતુ જો કોઈ આપણને પરેશાન કરશે કે આપણા તરફ હાથ ઉંચો કરવાની હીમ્મત કરશે તો તેને છોડીશ પણ નહી. પણવે કહ્યુ કે, જો તું આવી રીતે રહીશ અને ઝગડાની શરૂઆત નહી કરે તો હું તને હંમેશા સાથ આપીશ, પરંતુ તારે ઝગડાની શરૂઆત કરવાની નથી. થોડુ સહન કરવાનું રાખજે. ચાલ જન્મોજનમ સુધી એકબીજાના બની જઈએ, આપણે પ્રેમના સબંધને વધુ મજબુત કરીએ. હેતાએ કહ્યુ કે મારી સહનશક્તિ મુજબ સહન કરીશ પરંતુ કોઈ છેડશે તો છોડીશ નહી. હેતા અને પણવ આવી વાત કરી રહ્યા હોય છે ત્યારે બગીચામાં જેની સાથે ઝગડો થયો હતો એ વિઘ્ન સંતોષી લોકોને રેસ્ટોરન્ટમાં આવતા હેતા જોઈ જાય છે. હેતા એક પણ શબ્દ બોલ્યા વગર પણવની સાથે રેસ્ટોરન્ટમાંથી બહાર નિકળી જાય છે અને એક ઝાડ પાછળ સંતાઈ જાય છે. વિઘ્ન સંતોષી લોકો રેસ્ટોરન્ટમાં આવે છે અને હેતા પણવને શોધી રહ્યા અને મોટેથી કહે છે કે ક્યાં ગઈ એ છોકરી, બગીચામાં તો બહુ ઉછળકુદ કરતી હતી અને અહી અમને જોઈને કેમ સંતાઈ ગઈ. ડરી ગઈ કે શુ કે પછી પ્રેમનો નશો ઉતરી ગયો છે. આ સાંભળીને ઝાડની પાછળ સંતાયેલી હેતાને ખુબ ગુસ્સો આવી રહ્યો છે પરંતુ પણવને ઝગડો શરૂ નહી કરવાનું અને પહેલા હાથ નહી ઉપાડવાનું વચન આપ્યુ હોવાથી હેતા કાંઈ કરી શકતી નથી. હેતા પણવને કહે છે કે મને એક વખત આ પ્રેમ દુશ્મનને પાઠ ભણાવવાની મંજુરી આપે તો હું તેમને છઠ્ઠીનું દુધ યાદ દેવડાવી દઈશ. પણવ તેમ છતાં પણ હેતાને શાંત રહેવાનું કહે છે અને ઝાડની પાછળ જ સંતાઈ રહે છે. વિઘ્ન સંતોષી લોકો રેસ્ટોરન્ટમાંથી બહાર આવે છે અને બહારની બાજુ હેતા પણવને શોધવા લાગે છે. અચાનક જ એક વ્યક્તિની નજર ઝાડની પાછળ સંતાયેલા હવામાં લહેરાતા હેતાના દુપટ્ટા પર પડે છે અને તે તેના સાથીઓને તરત જ જાણ કરે છે. તરત જ બધા પ્રેમના દુશ્મનો હેતા પણવને ઘેરી લે છે તેમ છતાં પણ હેતા શાંત રહે છે. પરંતુ જેવો એક વ્યક્તિ પથ્થરનો ઘા કરે છે કે તરત જ શાંત દેખાતી હેતા ફરીથી રૌદ્ર સ્વરૂપમાં આવી જાય છે અને માથાના વાળ છુટી જાય છે. હેતા હાથમાં બાજુમાં પડેલો લોખંડનો પાઈપ લઈ લે છે અને પ્રેમના દુશ્મનો તરફ નજર ઉંચી કરીને જુએ છે. વિઘ્ન સંતોષી લોકો જેવા હેતા તરફ પથ્થરનો ઘા કરે છે કે હેતા તેમના પર લોખંડનો પાઈપ લઈને તુટી પડે છે અને બધા પ્રેમના દુશ્મનોને ફરીથી લોહીલુહાણ કરી નાખે છે. પણવ પણ હેતાને સાથે આપે છે અને પ્રેમના દુશ્મનો પર તુટી પડે છે. હેતા કહે છે કે હું શાંત રહેવા માંગુ છુ પરંતુ તમે મને પરેશાન કરો છો એટલે તમને માર પડે છે જો તમે શાંત રહેશો તો હું શાત જ છુ. હેતાના આ શબ્દો પ્રેમના દુશ્મનોને સમજાઈ જાય છે અને ફરીથી તેઓ ક્યારેય હેતા પણવની સામે આવતા નથી. હેતા પણ શાંત રહે છે અને પણવની સાથે મસ્તીથી જીવન પસાર કરી રહી છે. (સત્ય ઘટનાથી પ્રેરીત, નામ બદલેલ છે)

આદર્શ આચાર સંહિતાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે જિલ્લા ચૂંટણી અધિકારી: આર.એસ.નિનામા



વ્યારા ખાતે લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષી બેઠક યોજાઈ

વ્યારા

ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. ચૂંટણીની તારીખો જાહેર થતાંની સાથે જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. તાપી જિલ્લામાં પણ ભારતીય ચૂંટણી પંચની માર્ગદર્શિકા પ્રમાણે આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે એમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. એસ. નિનામાએ જણાવ્યું હતું.

તાપી જિલ્લાના વ્યારા ખાતે કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં યોજાયેલી બેઠકમાં ઉપસ્થિત આચારસંહિતા અમલીકરણ અધિકારીઓ તથા અન્ય અધિકારીઓને માર્ગદર્શન આપતા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. એસ. નિનામાએ જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતા અમલમાં આવતા તેમણે ફલાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમોને કાર્યરત કરવા તથા ટીમમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને ઓળખકાર્ડ આપવા તથા કોઈ ઓળખકાર્ડની માંગણી કરે તો ઓળખકાર્ડ બતાવવા અંગે સૂચના આપવા જણાવી તેમણે સમગ્ર તાપી જિલ્લામાંથી સરકારી મિલ્કતો, જાહેર સ્થળોએ લગાવવામાં આવતા સરકારી જાહેરાતના હોર્ડિંગ્સ, બેનર વગેરે દુર કરવા, ખાનગી માલિકીની મિલ્કતો પર પરવાનગી વગર ચૂંટણી પ્રચાર અંગેનું કોઈ પણ સાહિત્ય લગાવી શકાશે નહિં એમ જણાવી તેમણે સભા સરઘસ માટે નિયમાનુસારની મંજુરી મળી રહે એ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત કરવા તથા તમામ આદર્શ આચારસંહિતા અમલીકરણ માટે નિમાયેલ નોડલ અધિકારીઓને નિયત નમૂનાના પત્રકોમાં રોજે રોજ અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું.

વધુમાં તેમણે આદર્શ આચારસંહિતા અમલમાં આવતા જ જિલ્લામાં કરવામાં આવતા વિકાસકાર્યો ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા પ્રમાણે કરવામાં આવે તથા જરૂર જણાય તો ચૂંટણી પંચની મંજુરી માટે દરખાસ્ત કરવા માટે જણાવ્યું હતું. આ ઉપરાંત સરકારી વિશ્રામ ગૃહોના ઉપયોગ માટે પણ ચૂંટણી પંચની માર્ગદર્શિકા પ્રમાણે મંજુરી આપવા સૂચના આપી હતી. આ ઉપરાંત સરકારી વાહનોના ઉપયોગ, સરકારી કર્મચારીઓની બઢતી-બદલીઓ પર રોક સહિતના મુદ્દે વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલ, પોલીસ અધિક્ષક એન. એન. ચૌધરી, પ્રાયોજના વહીવટદાર વિજયભાઈ પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી એ.આઈ.વસાવા, વ્યારા પ્રાંત તુષારભાઈ જાની, પુરવઠા અધિકારી શ્રીમતી પટેલ, આદર્શ આચાર સંહિતા અમલીકરણના તાલુકા નોડલ, જિલ્લા શિક્ષણાધિકારી બી. એમ. પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જે. એમ. પટેલ, કાર્યપાલક ઈજનેરો, અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલી સંસદીય મતવિસ્તારમાં ૧૮,૧૩,૯૦૮ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે ચૂંટણી અધિકારી: આર.એસ.નિનામા

વ્યારા ખાતે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષીને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ



વ્યારા

આગામી તા. ૨૩મી, એપ્રિલના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ દરમિયાન યોજાનારી ૨૩-બારડોલી લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન બારડોલી સંસદીય મતવિસ્તારના ૧૮,૧૩,૯૦૮ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે એમ જિલ્લા ચૂંટણી અધિકારી આર.એસ. નિનામાએ જણાવ્યું હતું.

તાપી જિલ્લાના વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષીને જિલ્લા ચૂંટણી અધિકારી આર.એસ. નિનામાની અધ્યક્ષતામાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત મીડીયાકર્મીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશના માધ્યમથી માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, બારડોલી સંસદીય મતવિસ્તારમાં તાપી અને સુરત જિલ્લાના ૭ વિધાનસભા મતદાર વિભાગનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લોકસભા બેઠકમાં ૧૩૬૮ પોલીંગ સ્ટેશન લોકેશન્સ પર ૨૧૮૭ પોલીંગ બુથ પર મતદાન કરવામાં આવશે. આ લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન બારડોલી સંસદીય મતવિસ્તારમાં ૯,૨૮,૪૪૧ પુરૂષ અને ૮,૮૫,૪૪૭ સ્ત્રી મતદારો તથા ૧૯ અન્ય મતદારો મળી ૧૮,૧૩, ૯૦૮ મતદારો મતદાન કરશે એમ જણાવ્યું હતું.

આદર્શ આચારસંહિતા અમલીકરણ અંગે વાત કરતા ચૂંટણી અધિકારી નિનામાએ જણાવ્યું હતું કે, ચૂંટણીની તારીખો જાહેર થતાંની સાથે જ તાપી જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલીકરણની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત વ્યારા નગરપાલિકા વિસ્તારમાંથી ૪૫ અને સોનગઢ નગરપાલિકા વિસ્તારમાંથી ૪૮ સરકારી જાહેરખબરને લગતા બોર્ડ, બેનર, હોડ'ગ્સ વગેર દુર કરાયા છે અને સમગ્ર જિલ્લામાં આ કામગીરી ચાલી રહી છે એમ જણાવ્યું હતું.

આ ઉપરાંત તેમણે જિલ્લા અને તાલુકા કક્ષાએ શરૂ કરવામાં આવેલા કંટ્રોલ રૂમ નંબર અને કંટ્રોલ રૂમના નોડલ અધિકારીઓની વિગતો આપતા જણાવ્યું હતું કે, બારડોલી સંસદીય મતવિસ્તારની સાતે સાત વિધાનસભા મતદાર વિભાગોમાં કંટ્રોલ રૂમ શરૂ કરી દેવામાં આવ્યા છે તેમજ જિલ્લા કક્ષાએ ૧૯૫૦ નંબર પર ફોન કરી ચૂંટણીલક્ષી માહિતી મેળવી શકાશે એમ જણાવ્યું હતું.

આ ઉપરાંત તેમણે એ.આર.ઓની સંપર્કની વિગતો, વિ.આઈ.પી વોટર્સની વિગતો, દિવ્યાંગ મતદારોની વિગતો, રૂટ અને ઝોનલ અધિકારીની વિગતો, દરેક વિધાનસભા મતદાર વિભાગના મામલતદાર, દરેક વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી માટેના ડેપ્યુટી મામલતદારો અંગે વિગતવાર જાણકારી આપી હતી.

વધુમાં બારડોલી લોકસભા સંસદીય મતવિસ્તારની ચૂંટણી માટે જરૂરી સ્ટાફ અંગે જાણકારી આપતા તેમણે જણાવ્યું હતું કે, કુલ ૨૧૮૭ મતદાન મથકો માટે ૯૩૩૨ પુરૂષ અને ૩૦૨૮ સ્ત્રી કર્મચારીઓ મળી ૧૨૩૬૦ની જરૂરિયાત સામે ૭૪૯૫ પુરૂષ અને ૫૨૭૯ સ્ત્રી કર્મચારી મળી ૧૨૭૭૪ કર્મચારીઓ ઉપલબ્ધ છે એમ જણાવી તેમણે દરેક વિધાનસભા મતદાર વિસ્તારમાં પાંચ મહિલા સંચાલિત મતદાન મથક(સખી મતદાન મથક) અને એક દિવ્યાંગો દ્વારા સંચાલિત મતદાન મથક હશે એમ જણાવ્યું હતું.

ઈ.વી.એમ અને વીવીપેટ અંગે જાણકારી આપતા તેમણે જણાવ્યું હતું કે, પુરતા પ્રમાણમાં ઈ.વી.એમ અને વીવીપેટ ઉપલબ્ધ છે તથા મતદારોને ઈ.વી.એમ અને વીવીપેટ અંગે જાણકારી મળી રહે એ માટે નિદર્શનના કાર્યક્રમો પણ કરવામાં આવી રહ્યા છે એમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે દરેક વિધાનસભા મતદાર વિભાગ પ્રમાણે નકકી કરવામાં આવેલા ડિસ્પેચીંગ એન્ડ રિસીવીંગ સેન્ટરો, આદર્શ આચાર સંહિતાના અમલીકરણ માટે નિમવામાં આવેલા નોડલ અધિકારીઓની યાદી, સાતે સાત વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ઠ પોલીસ સ્ટેશન અને તેના ઈન્ચાર્જ અધિકારીઓની વિગતો, તાપી જિલ્લામાં મતદાન સ્ટાફની જરૂરિયાત અંગેની વિગતે જાણકારી આપી તેમણે તાપી જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ગામો કે જ્યાં સેલફોન નેટવર્ક નથી આવતું એવા શેડો એરિયામાં પોલીસ વિભાગ અને જંગલ વિભાગના વાયરલેસ સેટની મદદથી કોમ્યુનિકેશન કરવામાં આવશે એમ જણાવી તેમણે જિલ્લા કક્ષાના નોડલ ઓફિસર, ખર્ચ નિયંત્રણ માટે રચવામાં આવેલી વિવિધ સમિતિઓ અંગે જાણકારી આપી હતી.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક એન.એન.ચૌધરી, પ્રયોજના વહીવટદાર વિજયભાઈ પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી એ.આઈ.વસાવા, વ્યારા પ્રાંત તુષારભાઈ જાની, પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયાના પત્રકારો, ચૂંટણી શાખાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી...

ગેરકાયદે નિર્માણ કામો

ગુજરાતના અમદાવાદ અને અન્ય મોટા શહેરોમાં હાલમાં અતિક્રમક અને ગેરકાયદે નિર્માણને દુર કરવા માટે મોટા પાયે ઝુંબેશ ચાલી રહી છે. આને લઈને જુદા જુદા અભિપ્રાય વ્યક્તિ કરવામાં આવી રહ્યાછે. હિમાચલપ્રદેશમાં કસૌલીમાં મહિલા અધિકારીની ગોળી મારીને હત્યા કરવાના મામલે સુનાવણી વેળા ગેરકાયદે નિર્માણને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી દેશના દરેક રાજય માટે બોધપાઠ સમાન છે. બેંચે કહ્યુ છે કે ગેરકાયદે નિર્માણને કાયદેસર કરવાથી નિયમ અને કાયદાને પાળતા લોકોને નિરાશા થાય છે. સુપ્રીમ કોર્ટને આ બાબતને લઈને ભલે આશ્ચર્ય થયુ હોય કે બે માળની મંજુરી મળ્યા બાદ તેના પર છ માળ બની જાય છે. સાથે સાથે આની કોઈને ખબર પણ પડતી નથી. પરંતુ આવી અરાજકતા દરેક રાજયના દરેક શહેરમાં માર્ગો પર જ તોને પડકાર ફેંકે છે. નેતાઓ અને અધિકારીઓની મિલીભગતના કારણે ગેરકાયદે નિર્માણની કામગીરી હવે દેશના મોટા ભાગના રાજયોમાં ચાલી રહી છે. એકલા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં દર વર્ષે સેંકડો ગેરકાયદે વૈપારી માળખા તૈયાર કરી લેવામાં આવે છે. સેંકડો ગેરકાયદે કોલોની બનાવી દેવામાં આવે છે. સરકારો પણ આ મામલે નજીવી ચાર્જ તરીકેની રકમ વસુલ કરીને તેમને કાયદેસર બનાવી દે છે. દરેક રાજકીય પક્ષોને ગેરકાયદે કોલોની નોટ અને વોટ માટે નર્સરી તરીકે નજરે પડે છે. ચૂંટણી નજીક આવતાની સાથે જ આવી કૃપા વરસાવવા માટેની શરૂઆત થઈ જાય છે. સરકાર આને જનસેવા તરીકે ગણાવીને લોકપ્રિયતા મેળવી લેવા માટેના પ્રયાસ કરે છે. સુપ્રીમ કોર્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતામાં કેટલીક બાબતો સ્પષ્ટપણે દેખાઈ છે. સુપ્રીમ કોર્ટની ચિંતા અને નિયમો અને કાયદા પર ચાલનાર લોકોની ભાવના ચૂંટણી ડોનેશનમાં દબાઈ જાય છે. આ પ્રકારની ગતિવિધીમાં સામેલ રહેલા લોકોના હાથ કાયદા કરતા પણ વધારે લાંબા થઈ ગયા છે. આનો અંદાજ માસ્ટર પ્લાન લાગુ કરવા માટે રહેલા અધિકારીઓની ભૂમિકાથી સ્પષ્ટ થઈ જાય છે. રાજસ્થાનમાં માસ્ટર પ્લાન લાગુ કરાવવાના મામલે સુપ્રીમ કોર્ટના કઠોર વલણ છતાં રાજય સરકાર તેના અમલીકરણ આડે અડચણો ઉભી કરી રહી છે. આ ગઠજોડના હિસ્સેદારોની ઓળખ કરવા માટે પુરતી બાબત છે. હિમાચલપ્રદેશના રિસોર્ટના મામલે સુપ્રીમ કોર્ટની ઈચ્છા મુજબ જો દરેક રાજયમાં ગેરકાયદે નિર્માણમાં લાંચ રૂશ્વતના મામલે તપાસ હાથ ધરવામાં આવે તો કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી શકે છે. આ મામલે જો તપાસ કરવામાં આવે તો તમામ મોટા નેતા, અધિકારીઓ અને કારોબારીઓ જેલમાં નજરે પડી શકે છે. જેથી એક બાબત તો નક્કી છે કે કોઈ પણ સરકાર તો પોતે આવુ કોઈ કામ કરશે નહી. આવી સ્થિતીમાં સુપ્રીમ કોર્ટને પોતે જ ગંભીરતા દર્શાવી આમાં પહેલ કરવી પડશે. જો આવુ કોઈ કામ કરવામાં નહીં આવે તો ચાલે છે તેવી વૃતિનો નિકાલ આવશે નહી. દરેક રાજકીય પાર્ટીને ગેરકાયદે કોલોની અને સોસાયટી નોટ અને વોટની નર્સરી નજરે પડી શકે છે તે બાબત યોગ્ય છે. ગેરકાયદે નિર્માણમાં હિસ્સેદાર કોણ છે તે બાબતને લઈને સતત પ્રશ્નો થઈ રહ્યા છે. રાજકીય પક્ષો અને અધિકારીઓ વચ્ચે ગેરકાયદે નિર્માણમાં સંડોવણી હોય છે.

ગેરકાયદે નિર્માણને લઈ સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયેલી ટિપ્પણી તમામ માટે ઉપયોગી

અન્ય પક્ષોની તુલનામાં એનડીએ ખુબ મજબુત સ્થિતીમાં છે...

રાષ્ટ્રવાદની પીચ પર સામાન્ય ચૂંટણી

ચૂંટણી પંચ દ્વારા દેશમાં સામાન્ય ચૂંટણી માટે રણશિંગુ ફુકી દેવામાં આવ્યુ છે. જો કે તમામ રાજકીય પક્ષો તો પહેલાથી જ તમામ તૈયારીમાં લાગેલા હતા. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થયા બાદ હવે તમામનો પ્રશ્ન એ થાય છે કે આખરે આ વખતે શુ થશે ? આ ચૂંટણી પહેલાની ચૂંટણીની તુલનામાં કેટલીક રીતે અવગ પ્રકારની છે. છેલ્લા એક વર્ષથી વિરોધ પક્ષોનો એક નારો છે અને તે છથે કે મોદીને હટાવો. કોઈ એક નેતાને કેન્દ્રમાં રાખીને સમગ્ર વિરોધ પક્ષની નીતિ તૈયાર કરવામાં આવી રહી છે. કોઈ નેતાને ટાર્ગેટ બનાવીને નીતિ દેશના લોકો પહેલી વખત જોઈ રહ્યા છે. વર્ષ ૧૯૯૧, ૧૯૯૬, ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪ની તુલનામાં આ ચૂંટણી અલગ રીતે રહેનાર છે. આ તમામ ચૂંટણીમાં કોઈ એક નેતાની સામે વિરોધ પક્ષો એટલા મક્કમ ન હતા. કોઈ એક નેતાનો એટલો વિરોધ પણ અગાઉ રહ્યો નથી. નિતી પર વાત કરવામાં આવે તો યુપીએ હજુ સુધી સંગઠિત સ્થિતીમાં નથી. જ્યારે મોદી અને ભાજપના નેતૃત્વમાં એનડીએ રાષ્ટ્રીય સ્તર પર સંગઠિત છે. તેની પાસ એક શક્તિશાળી અને શાર્પ લીડર છે. તેમની પાર્ટીઓ વચ્ચે રાજ્યોમાં સીટોને લઈને ચિત્ર મોટા ભાગે સ્પષ્ટ થઈ ગયુ છે. આની બિલકુલ વિરુદ્ધમાં વિરોધ પક્ષો એકમત દેખાઈ રહ્યા નથી. મહારાષ્ટ્ર, તમિળનાડુ અને ઝારખંડ જેવા રાજ્યોમાં પણ વિરોધ પક્ષ એક મત દેખાઈ રહ્યા છે. તમામ લોકો સારી રીતે જાણી રહ્યા છે કે આ વખતે ચૂંટણીમાં મુદ્દો રાષ્ટ્રીય છે. રાષ્ટ્રવાદની લહેર હવે જોવા મળી રહી છે. આ વખતે ચૂંટણી રાષ્ટ્રવાદની પીચ પર લડવામાં આવનાર છે. આવી સ્થિતીમાં એનડીએની સ્થિતી મજબુત દેખાઈ રહી છે. છેલ્લી ચૂંટણીમાં એનડીએમાં ૧૮ પક્ષો હતા. જેમની સીટની સંખ્યા ૩૩૬ હતી. આની વિરુદ્ધમાં યુપીએમાં ૧૪ પક્ષો હતા અને તેમની સીટોની સંખ્યા ૬૦ હતી. જો મતના અનુસાર ોવામાં આવે તો છેલ્લી ચૂંટણીમાં ભાજપને ૩૧ ટકા અને એનડીએને ૩૯ ટકા મત મળ્યા હતા. બીજી બાજુ યુપીએને ૨૩.૩ ટકા મત મળ્યા હતા. આ રીતે બંનેની વચ્ચે અંતર એ વખતે ૧૬ ટકા



મોદી અને ભાજપના નેતૃત્વમાં એનડીએ રાષ્ટ્રીય સ્તર પર સંગઠિત છે જ્યારે તેની પાસે નરેન્દ્ર મોદી જેવા શક્તિશાળી-શાર્પ લીડર છે

જેટલુ રહ્યુ હતુ. કોંગ્રેસને ૧૯.૫ ટકા મત મળ્યાહતા. વર્તમાન સમીકરણના મુબ જોવામાં આવે તો ટીડીપી અને આરએલએસપી બહારથયા બાદ એનડીએ ૩૫૦ સીટોની સાથે ઉતરે છે. ચૂંટણીમાં ઉતરતી વેળા તેની પાસે ૪૧ ટકા કરતા વધારે મત છે. યુપીએના રાષ્ટ્રીય સ્વરૂપ નથી. જેથી તેના માટે આ પ્રકારના આંકડા આપી શકાય તેમ નથી. તેની પાસે હાલમાં ૬૮ સીટો રહેલી છે. કોંગ્રેસના ૧૯.૫ ટકા અને બિહાર, મહારાષ્ટ્ર, તમિળનાડુ જેવા તેના સાથી રાજયોમાં સાથી પક્ષો ને ધ્યાનમાં લેવામાં આવે તો તેની મત હિસ્સેદારી ૨૩ ટકાની આસપાસ રહે છે. બંગાળમાં જો ડાબેરીઓ અને ટીએમસી સાથે થાય તો સીટોની સંખ્યા ૭૮ થાય છે. વોટ આશરે ૨૫ ટકા થાય છે. એકંદરે કુલ મળીને વર્ષ ૨૦૧૯ની ચૂંટણીની શરૂઆત પહેલા જોવામાં આવે તો એનડીએની સ્થિતી ખુબ મજબુત છે. યુપીએની સ્થિતી કમજોર છે. પ્રમુખ રાજ્યોમાં ૩૯ સાંસદો આપનાર તમિળનાડુની રાજનીતિમાં ફેરફાર થઈ રહ્યા છે. રાજ્યની રાજનીતિને નિર્ધારિત કરનાર કોઈ શક્તિશાળી નેતા નથી. કરૂણાનિધી અને જયલલિતા જેવા નેતા હવે તમિળનાડુમાં નથી. ભાજપ અન્નાદ્રમુકની સાથે છે તો ડીએમકેની સાથે કોંગ્રેસ છે. તમામ લોકો માને છે કે વર્ષ ૨૦૧૪ જેવા પરિણામ નહીં આવે પરંતુ એકપક્ષીય જીતની શક્યતા કોઈની પણ દેખાઈ રહી નથી. આવી જ રીતે બિહારમાં ચૂંટણી લાલુ યાદવની ગેરહાજરીમાં થઈ રહી છે. છેલ્લી વખતે એનડીએને ૪૦માંથી ૩૨ સીટો મળી હતી. જેડીયુ અલગ હતુ. આરજેડી અલગ પાર્ટી હતી. આ વખતે જેડીયુ, ભાજપ અને એલજેપી સાથે છે. બીજી બાજુ હજુ સુધી કોંગ્રેસ, આરજેડી અને સાથી પક્ષો વચ્ચે સમજુતી થઈ શકી નથી. સીટોની વહેંચણીને લઈને કેટલીક સમસ્યા આવી રહી છે. આરજેડી ગઠબંધન એનડીએ કરતા આગળ નિકળી શકશે કે કેમ તે અંગે હાલમાં કોઈ વાત કરવી મુશ્કેલ છે. ૪૮ સીટ વાળા મહારાષ્ટ્રમાં એનડીએ સહજ છે. અહીં ભાજપ અને શિવસેના વચ્ચે સમજુતી થઈ ચુકી છે. જ્યાં બંને પક્ષો ક્રમશ ૨૫ અને ૨૩ સીટ પર ચૂંટણી લડનાર છે. જો કે સૌથી વધારે ૮૦ સીટ આપનાર ઉત્તરપ્રદેશમાં બસપ-સપાના ગઠબંધનમાં કોંગ્રેસ સામેલ નથી. જેથી એંકદરે મોદી અને ભાજપ વિરોધ સ્વર કેટલા પણ ઉંચા હોય તો પણ રાજકીય સમીકરણની દ્રષ્ટિએ વિરોધીઓની સ્થિતી એટલી મજબુત દેખાતી નથી. છ રાજ્યોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર છે. આ રાજ્યોમાં ૧૦૦ સીટો છે. જે પૈકી કોંગ્રેસને વર્ષ ૨૦૧૪માં માત્ર ત્રણ સીટો મળી હતી. જે પૈકી આ વખતે વિધાનસભા ચૂંટણીમાં મધ્યપ્રદેશ, છત્તિસગઢ અને રાજસ્થાનમાં તેની સ્થિતી મજબુત થઈ છે. આ રાજ્યોમાં ભાજપની સામે કોંગ્રેસની વિધાનસભા ચૂંટણીમાં જીત થઈ છે. આ રાજ્યોમાં કોંગ્રેસને ૩૫ સીટ સુધી મળી શકે છે. રાષ્ટ્રવાદ મુખ્ય મુદ્દો બનનાર છે. રાષ્ટ્રવાદની લહેર ભાજપને ફાયદો કરાવી શકે છે. કોંગ્રેસ પાસે આનો કોઈ જવાબ નથી. રાષ્ટ્રવાદની વચ્ચે એનડીએને પરાજિત કરવાની બાબત યુપીએ માટે મુશ્કેલ બની ગઈ છે.

ફિજિયોથેરાપીની કસરત ખાલી પેટે કરવાની નિષ્ણાંતોની સલાહ

ચેસ્ટ ફિજિયોથેરાપી : મસલ્સ મજબુત

ફેફસા અને હાર્ટને મજબુત કરે છે : બ્લડ સરક્યુલેશન અને ઓક્સીજન સ્તર વધી જાય છે : વિવિધ બિમારીઓથી બચી શકાય છે

સુરત મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના મહિલા તબીબ પાસે ૫ લાખની ખંડણી માંગવામાં આવી હોવાની ચોક બજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. હુમન રાઈટ એક્ટિવિટ્સ કે.ડી. સેલડીયા દ્વારા ખંડણી માંગવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્મીમેર હોસ્પિટલની મહિલા તબીબને પ્રાઈવેટ પ્રેકટીસ કરો છો તેવો આરોપ કરી ખંડણી માંગવામાં આવી હતી. ફરિયાદમાં કેરિયર ખલાસ કરી નાખવાની અને મીડિયામાં બદનામ કરવાની ધમકી પણ અપાઈ અને આ બાબતે કોઈને વાત કરી છે તો મહિલા તબીબના પતિને મારી નાખવાની ધમકી અપાઈ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચોક બજાર પોલીસ સ્ટેશનમાં હ્યુમન રાઈટ એક્ટિવિટ્સ કે.ડી. સેલડીયા અને તેના બે સાગરીતો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. અને પોલીસ વધુ તપાસ કરી રહી છે.

દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં ઘટાડો : નવસારીમાં ૧૪ ડીગ્રી

સુરતમાં લઘુતમ ૨૦ ડીગ્રી તાપમાન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે ત્રણ દિવસથી તાપમાનમાં વધઘટ યતાવત રહી છે. ગતરોજની સરખામણીએ આજે સડસડાટ ૩ ડિગ્રી તાપમાન ઘટતા રાત્રે ઠંડી અનુભવાય છે. જ્યારે દિવસ દરમ્યાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી સમાહ સુધી તાપમાનમાં વધઘટ યથાવત રહેશે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૧.૫ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૦ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬.૬ મિલિબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં ૩ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે.

નવસારીમાં આજે ૧૪ ડીગ્રી ન્યુનતમ તાપમાન નોંધાયું છે. જે ગતરોજ ૧૭ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં આજે ૧૭.૧ ડીગ્રી ન્યુનતમ તાપમાન નોંધાયું છે.

નવસારી આરટીઓમાં ટુ વ્હીલર માટે પસંદગીનો નંબર મળશે

નવસારી

આર.ટી.ઓ.કચેરી નવસારી ધ્વારા મોટરીંગ પબ્લીકના સગવડતા માટે સિલ્વર અને ગોલ્ડન નંબરની ફાળવણી માટે ઓનલાઈન ઈ-ઓકશન શરૂ કરવામાં આવ્યું હતું. કચેરીમાં મોટર સાયકલના નંબરો માટેની સીરીઝ GJ21-BJ/BK/BL-0001 થી GJ21- BJ/BK/BL -9999 (બાકી રહેલા નંબરો) ઈ-ઓકશન માટે શરૂ કરવામાં આવ્યાં છે. ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમનાં વાહનનું રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઈન http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઈ-ઓકશન માં ભાગ લઈ શકશે. તા.૧૬/૦૩/૨૦૧૯ થી તા.૧૮/૦૩/૨૦૧૯ સુધીના રોજ ઈ-ઓકશન ઓનલાઈન માટે ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવાના રહેશે અને એપ્લીકેશન કરવાની રહેશે. તા.૧૯/૦૩/૧૯ ના રોજ ઈ-ઓકશનનું બીડીંગ કરવાનું રહેશે. તા.૨૦/૦૩/૧૯ ના રોજ ફોર્મ કચેરીએ જમા કરાવવાના રહેશે. ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ ઉપર દર્શાવેલ વેબસાઈટ ઉપર જઈને સી.એન.એ.ફોર્મ વાહન ખરીદીના સાત દિવસમાં અચૂક ઓનલાઈન ભરી દેવાનું રહેશે. વાહનનાં સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસના અંદરના જ અરજદારોએ હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકાશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

સુરતના ૨૫૦૦ જાહેર ટ્રસ્ટોને હિસાબો રજૂ કરવા આખરી નોટીસ

ચેરીટી કમિશનર વિભાગે નોટીસો કાઢતા કેટલાક ટ્રસ્ટોએ હિસાબો રજૂ કરી વહીવટી ફાળાની રકમ જમા કરાવી : અંગત વહીવટ માટે શરૂ કરેલા ટ્રસ્ટો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરાશે

સુરત

સુરત શહેરમાં સાર્વજનિક વહીવટી ફાળાની રકમ જમા કરાવી દેવા તેમજ બાકી હિસાબો રજૂ નહી કરનારા સામે ચેરિટી કમિશ્નર વાય.એમ.શુકલે ફોજદારી કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારતા સુરત શહેરમાં પડઘો પડ્યો છે. રૂા. ૧,૨૮,૦૦,૦૦૦ જેટલો વહીવટી ફાળો સુરત શહેરના ટ્રસ્ટ ઓફિસમાં જમા થયા હોવાનું જાણવા મળે છે. એજ્યુકેશન અને મેડિકલ સિવાયના ટ્રસ્ટોનો વહીવટી ફાળો જમા કરાવવાનું હોય છે.

શહેરના નાનપુરા જુની બહુમાળી સ્થિત આવેલ જાહેર ટ્રસ્ટની ઓફિસમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર સુરત શહેરમાં જાહેર ટ્રસ્ટની નોંધણી કચેરીમાં ૩૧ જાન્યુઆરી ૨૦૧૯ની સ્થિતિએ ૧૪૦૦૦ ઉપરાંત ટ્રસ્ટો નોંધાયેલા છે. સંસ્થા કે ટ્રસ્ટના હિસાબો દર વર્ષે ઓડિટ થતા હોય છે. તેવા ટ્રસ્ટના બેંક ખાતા નંબર તાકીદે ચેરીટી કમિશ્નરના કાયદા મુજબ ઓડિટરે ઓડિટ કરેલા હિસાબોની નકલ ટ્રસ્ટની નોંધણી કચેરીને આપવાની હોય છે. પરંતુ સુરત શહેરમાં મોટાભાગના ટ્રસ્ટો એવા છે જે ટ્રસ્ટોએ ૧૯૯૫ થી વહીવટી ફાળો જમા કરાવ્યો નથી. વધુ પડતા ટ્રસ્ટો પોતાના અંગત કામોમાં ટ્રસ્ટનો ઉપયોગ કરતાં હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામતા ચેરીટી કમિશ્નરે ગત તા.૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી ટ્રસ્ટો પાસેથી વહીવટી ફાળો વસુલ કરવાનું જણાવતા સુરત ઓફિસમાંથી ૨૫૦૦ જેટલી નોટીસ જાહેર ટ્રસ્ટોને મોકલવામાં આવી હતી. ચેરીટી કમિશ્નરના આદેશ તેમજ આ નોટીસને ધ્યાનમાં રાખી સુરત શહેરના ટ્રસ્ટોએ રૂા.૧.૨૮ કરોડ વહીવટી ફાળો જમા કરાવી દીધો હોવાનું જાણવા મળે છે. તેમજ ટ્રસ્ટો વહીવટી ફાળો જમા ન કરાવે તો સાર્વજનિક ટ્રસ્ટના હિસાબો રજૂ ન કરવા બદલ કલમ ૩૨ અને ૩૩ની જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહીને લાયક ગુનો બને છે. વહીવટી ફાળાની રકમ જમા ન કરાવનાર સામે કલમ ૫૯ (૧) ની જોગવાઈ મુજબ ફોજદારી કેસ કરી શકાય છે, અને ટ્રસ્ટના બેંક ખાતામાંથી બારોબાર રકમ વસુલ કરવામાં આવશે. સંસ્થા કે ટ્રસ્ટના હિસાબો ઓડિટ થતા હોય છે, તેવા ટ્રસ્ટના બેંક ખાતા નંબર તાકીદે ઓડિટરે ચેરિટી કમિશ્રર કચેરીએ મોકલી આપવાના રહેશે. ચેરીટી કમિશ્નરના આ ઉગ્ર પ્રતિસાદથી ટ્રસ્ટોમાં ગભરાટનો માહોલ જોવા મળતાં સુરત શહેરની જાહેર ટ્રસ્ટની નોંધણી કચેરીમાં રૂા.૧.૨૮ કરોડનો વહીવટી ફાળો જમા કરાવ્યો હોવાનું જાણવા મળે છે.

૩૧- ૧- ૨૦૧૯ની સ્થિતિએ નોંધાયેલ ટ્રસ્ટો

A	હિન્દુ, બૌધ, જૈન	૩૨૫૮
B	વકફ	-
C	પારસી	૩૨૭
D	ક્રિશ્ચન	૫૦
E	એજ્યુકેશન, મેડિકલ, ધાર્મિક સંસ્થા	૮૬૦૪
F	સોસાયટીઓ	૨૫૨૫

નોંધ : ૧૯૯૮થી મુસ્લિમ ટ્રસ્ટની પરમીશન વકફ બોર્ડમાંથી લેવાની હોય છે,

મુખ્ય ચેરીટી કમિશનર શુકલનું નિવેદન

ગુજરાતમાં આજે પણ એક લાખથી વધુ ટ્રસ્ટો એવા છે જે હાલમાં કાર્યરત નથી, ફક્ત ટ્રસ્ટ નોંધાવી પોતાના અંગત કામોમાં ટ્રસ્ટનો ઉપયોગ કરે છે, સાથે જ વહીવટી ફાળો તેમજ ઓડિટ રિપોર્ટ જમા કરાવતા નથી. જેનાથી રાજ્ય સરકારને નુકશાન થાય છે. આવા બિન કાર્યરત ટ્રસ્ટોને બંધ કરાવવાની સત્તા ગુજરાત સરકારે રાજ્યના ચેરીટી કમિશ્નરને આપવી જોઈએ.

(વાય.એમ.શુકલ, ચેરીટી કમિશ્નર, ગુજરાત રાજ્ય)

હોળીના મેળાઓ માટે વધારાની બસો દોડાવાશે

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના સુથારપાડા ખાતે ૧૭ થી ૧૯મી માર્ચ, ૧૯, ડાંગ જિલ્લાના આહવા તાલુકા મથકે તા.૧૬ થી ૧૯મી માર્ચ તેમજ મહુવા તાલુકાના વાંસકુઈ ખાતે તા.૧૭મી માર્ચના રોજ હોળીના તહેવાર નિમિત્તે મેળાઓ યોજાશે. આ મેળામાં જવા તથા આવવા માટે વલસાડ એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોના પ્રમાણમાં વધારાની એસ.ટી. બસોનું સંચાલન કરવામાં આવશે. જેનો મુસાફર જનતાને લાભ લેવા એસ.ટી. વલસાડના વિભાગીય નિયામક દ્વારા જણાવાયું છે.









સુરતમાં આચાર સંહિતા અમલી : ૪૮ ફ્લાઈંગ સ્કવોર્ડ કાર્યરત

જિલ્લા ચૂંટણી અધિકારી ડૉ. ધવલ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ પત્રકાર પરિષદ

ચૂંટણી આયોગ દ્વારા લોકસભાની ચૂંટણીની જાહેરાત થતા આચાર સંહિતાનો અમલ જારી : ડૉ. ધવલ પટેલ

સુરત

લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ ની જાહેરાત સાથે જ જિલ્લા વહીવટીતંત્ર હરકતમાં આવ્યું છે. ૪૮ ફ્લાઈંગ સ્કવોર્ડને તાત્કાલિક અસરથી કાર્યરત કરવામાં આવી હોવાનું

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી ડો.ધવલ પટેલ દ્વારા જણાવાયું છે.

સુરત કલેકટરાલય ખાતે લોકસભા ચુંટણી સંદર્ભે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધન કલેકટર શ્રી ધવલ પટેલે જણાવ્યું હતું કે, મતદાતાઓ મુકત અને ન્યાયી માહોલ વચ્ચે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પાયાને મજબુત બનાવે તે જરૂરી છે. ગતરોજ આચારસંહિતા અમલમાં આવતા ૪૯થી વધુ હોર્ડિંગ્સ, બેનર ઉતારી લેવામાં આવ્યા છે. ચૂંટણીની કામગીરી અર્થે ઈવી.એમ., વીવીપેટ મશીનોની કામગીરીઓ પૂર્ણ કરવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર સૂરત જિલ્લામાં સમાવિષ્ટ ૧૬ વિધાનસભા મતદાર વિભાગની તા.૩૧/૧/૨૦૧૯મી આખરી પ્રસિધ્ધ થયેલી મતદાયાદી મુજબ ૪૧,૮૪,૭૧૬ મતદારો પૈકી ૨૨,૬૫૯૨૨ પુરૂષ મતદારો તથા ૧૯,૧૮,૬૮૩ મહિલા મતદારો નોધાયા છે. જયારે ૨૪-સુરત લોકસભા બેઠકમાં સમાવિષ્ઠ સાત વિધાનસભા ક્ષેત્રમાં ૧૬૩૭૫૯૫ મતદારો જેમાં ૨૮૨૩૧૧ પુરુષ, ૭૫૫૨૨૬ સ્ત્રી અને અન્ય ૫૮ મતદારો ૧૬૬૩ મતદાન મથકો પર તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે.

સુરત જિલ્લામાં ૧૮ થી ૨૧ વર્ષ સુધીના ૧.૨૬ લાખ યુવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને વધુ મજબુત બનાવશે.

જિલ્લામાં કુલ ૩૪૫ જેટલા સર્વિસ મતદારો નોંધાયેલા છે. જયારે જિલ્લામાં ૩૯૮૧ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે. જે પૈકી ૨૪-સુરત સંસદીય મતક્ષેત્રમાં ૧૮૦૫, ૨૩-બારડોલીમાં ૧૫૬૧ તથા ૨૫-નવસારીમાં ૬૧૫ દિવ્યાંગ મતદારોનો સમાવેશ થાય છે.

પ્રિન્ટ અને ઈલેકટ્રોનીકસ મીડિયામાં પેઈડ ન્યુઝ તથા ચુંટણી આચારસંહિતા અંગે ન્યુઝ માટે મીડિયા મોનીટરીગ એન્ડ સર્ટીફીકેશન સમિતિની રચના કરવામાં આવી છે. કોઈ પણ રાજકીય પાર્ટીઓએ ચુંટણી લક્ષી સાહિત્યનું છાપકામ કરતા પ્રિન્ટીગ પ્રેસે તે અંગેની મંજુરી મેળવવાની રહેશે તેમ શ્રી પટેલે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, આચારસંહિતાની અમલવારી માટે ૧૬ એમ.સી.સી.ની, ૪૮ એફ.એસ.ટી, ૪૮ એસ.એસ.ટી., ૨૬ વી.એસ.ટી, ૧૬ વી.વી.ટી. અને એક એસીટી તેમજ ૧૯ એ.ઈ.ઓ. તથા ૪૪૭૭ જેટલા બી.એલ.ઓ તેમજ ૫૪૫ સેકટર ઓફિસરો તહેનાત રહેશે. સુરત જિલ્લામાં ૪૫૩૩ સંભવિત મતદાર મથકો, ૪૯૮૬ પ્રિસાઈડીગ ઓફીસર, ૪૯૮૬ આસી.પ્રિસાઈડીગ ઓફિસર તથા ૯૯૭૨ પોલીગ ઓફીસર મળી કુલ ૧૯૯૪૪ અધિકારીઓ કામગીરી બજાવશે. હાલમાં જિલ્લામાં ૪૪૭૭ મતદાન મથકો છે. જયારે ૫૬ જેટલા પૂરક મતદાન મથકની દરખાસ્ત ચુંટણીપંચને કરવામાં આવી હોવાનું જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા જણાવાયું છે.

લોકસભા ચૂંટણી માટે ખર્ચ મર્યાદા ઉમેદવાર દીઠ રૂા. ૭૦ લાખ કરવામાં આવી છે. સૂરત જિલ્લાની ૧૬ વિધાનસભા પૈકીની સાત બેઠક(૨૪) સુરત, પાંચની (૨૩) બારડોલી, ચાર બેઠક(૨૫) નવસારી સંસદીય મતદાર વિભાગમાં સમાવેશ થાય છે.

આચારસંહિતા ભંગ અંગેની ફરિયાદ ઓનલાઇન કરી શકાશે - લોકસભા સામાન્યે ચુંટણી દરમિયાન નાગરિકો દ્વારા આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ફરિયાદો ઓનલાઈન કરી શકશે. જેના માટે કોઈપણ નાગરિક ગુગલ પ્લે સ્ટોર માં જઈને જ્ઞફૈક્ષૈઙ્મ એપ્લીદકેશન ડાઉન કરી તેના દ્વારા ફોટો-વિડીયો પણ અપલોડ કરી શકશે.

રાજકીય પક્ષો કે ઉમેદવારની પરવાનગી માટે સિંગલ વિન્ડો સુવિધા - લોકસભા ચુંટણી દરમિયાન રાજકીય પક્ષો કે ઉમેદવારો કોઈપણ બાબતની પરવાનગીની અરજીઓ હીુ જેદ્વૈહ્વરઙ્ક એપ્લષકેશન દ્વારા કરી શકશે. જે અંગેની મંજુરી સંબંધિત વિધાનસભા મતદાર વિભાગના મદદનીશ ચુંટણી અધિકારી કચેરી દ્વારા આપવામાં આવશે.

મતદારોની સુવિધા માટે જિલ્લા કોન્ટોકટ સેન્ટર કાર્યરત - લોકસભા ચુંટણી દરમિયાન સુરત જિલ્લાના નાગરિકોને મતદારયાદી, ચુંટણીલક્ષી માહિતી મેળવવા જિલ્લા કોન્ટેમકટ સેન્ટાર કાર્યરત કરવામાં આવ્યુંર છે. જેના ટોલ ફ્રી નંબર ૧૯૫૦ ડાયલ કરીને માહિતી મેળવી શકશે

મતદારોને મતદાન માટે ફોટો વોટર સ્લીપ માન્યર ગણાશે નહી : સુરત જિલ્લા ચુંટણી અધિકારીના જણાવ્યામ અનુસાર લોકસભા સામાન્યુ ચુંટણી દરમિયાન મતદારો મતદાન કરવા ૧૧ માન્યજ પુરાવાઓનો ઉપયોગ કરી શકશે, પણ ફોટો વોટર સ્લીમપ માન્યા ગણાશે નહીં. જેની કાળજી લેવા મતદારોને કલેકટરશ્રીએ અનુરોધ કર્યો છે.

ચાલુ કારમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા દોડધામ મચી



સુરત

વરાછા-હીરા બાગ બ્રિજ પર ચાલુ કારમાં અચાનક આગ લાગી જતા ચાલક સહિત અન્ય મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા. સોમવારની રાત્રે બ્રિજ પર સળગતી કારને દોડતી જોઈ લોકો આશ્ચર્યમાં પડી ગયા હતા. જોકે, આગની જાણ થતાં જ ચાલકે કાર બ્રિજ ઉપર જ રોડ બાજુએ ઉભી કરી તમામને હેમખેમ બહાર કાઢી બર્નિંગ કારની આગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ત્યારબાદ તાત્કાલિક ફાયરના જવાનો દોડી આવતા કારના બોનેટમાં લાગેલી આગને કાબુમાં લેવાતા તમામે રાહતનો દમ લીધો હતો.

ફાયર વિભાગે જણાવ્યું હતું કે, રાત્રે લગભગ ૧૦:૧૫ મિનિટની ઘટના હતી. એસન્ટ કારમાં આગ લાગી હોવાના કોલ બાદ ફાયરના જવાનો દોડી ગયા હતા. કારના બોનેટમાં લાગેલી આગને ગણતરીની મિનિટોમાં કાબુમાં લેવાઈ ગઈ હતી. તપાસ બાદ કારમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું બહાર આવ્યું હતું. કાર માલિક ભાવેશભાઈ નાગજીભાઈ મેઘાણી હોવાનું અને કાર નંબર જીજેપએફ ૭૪૯૨ હોવાનું બહાર આવ્યું હતું.

તા.૨૯'મી સુધી જ તિજેરી કચેરી નાણાંકીય બિલોનો સ્વીકાર કરશે

બપોરે ૩ વાગ્યા સુધી બિલો રજૂ કરી દેવા સૂચના

સુરત

૨૦૧૮-૧૯નું નાણાકીય વર્ષ માર્ચ મહિનાના અંતે પૂર્ણ થનાર હોવાથી નાણાકીય બિલોનો સમયસર સ્વીકાર, ચકાસણી અને ચુકવણા માટે પુરતો સમય મળી રહે તે માટે સુરત જિલ્લાની તમામ સરકારી કચેરીઓએ તા.૨૯/૩/૨૦૧૯ સુધીમાં બપોરના ૩.૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા તિજોરી કચેરી/પેટા તિજોરી કચેરીઓમાં નાણાકીય બિલો રજુ કરવાના રહેશે. વધુમાં જણાવવાનું કે, ટી.એ.બિલ, પુરવણી બિલ, મેડીકલ બિલ તથા આકસ્મિક ખર્ચના બિલો મોડામાં મોડી તા.૧૬/૩/૨૦૧૯ સુધીમાં અને માર્ચ-૧૯ના પગારબિલો તા.૧૯ અને ૨૦ તથા ૨૨મી માર્ચ સુધીમાં તિજોરીમાં રજુ કરવાના રહેશે. તા.૧૬ માર્ચ બાદ અર્ધ સરકારી પત્ર દ્વારા જ બિલો સ્વીકારવામાં આવશે જેની નોંધ લેવા સુરતના શ્રેયાન તિજોરી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

પુણામાં તા.૧૨મેના રોજ ૧૮મો સર્વજ્ઞાતિય સમૂહ લગ્ન ઉત્સવ

સમૂહ લગ્નમાં નામોની નોંધણી શરૂ કરાઈ

સુરત

આજે રાષ્ટ્ર અને હિન્દુ સમાજને એકતાની જરૂર છે ત્યારે ગુજરાત વિકાસ સમિતિ દ્વારા ૧૮મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન સમારોહ સુરત ખાતે યોજાશે.

સમૂહ લગ્નની પ્રવૃત્તિમાં સામાજિક ક્રાંતિ લાવવા આ પ્રશંસનીય કાર્ય તા.૧૨-૫-૨૦૧૯ને રવિવારના રોજ પુણાગામ ખાતે યોજાશે. વધુમાં સંસ્થાના પ્રમુખ પ્રવિણ ભાલાળાએ જણાવ્યું હતું કે, આ સમૂહ લગ્નમાં સંસ્થા તરફથી વિનામૂલ્યે લગ્ન રજીસ્ટર કરી સર્ટીફિકેટ આપવામાં આવશે. તેમજ ઈંદિરા વિકાસપત્ર, કુંવરબાઈનું મામેરૂં અને સરકારી બોન્ડ જેવા તમામ લાભો અપાવવામાં આવશે. આ સમૂહ લગ્નમાં જોડાવા ઈચ્છુક વ્યક્તિઓએ તા.૧૦-૪-૨૦૧૯ સુધીમાં ફોર્મ ભરી સંસ્થાના કાર્યાલયે જમા કરવાના રહેશે.

સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનો હેતુ કુરિવાજ નાબુદી અને સમાજના દરેક વર્ગના લોકોને એક મંચ પર ભેગા કરી એકતાની સાંકળ રચવાનો છે. દર વર્ષે યોજાતા આ સમૂહ લગ્નમાં જોડાયેલી દિકરીઓને કરિયાવર પેટે સંસ્થાને દાતાઓ તરફથી દાનમાં આવેલી ચીજ વસ્તુઓ મોટા પાયે આપી ગરીબ મા બાપના ખભેથી દીકરીના લગ્નનો ભાર ઉતારવામાં આવે છે.

કાર્યાલયનું સરનામું : એ૧૦૦, લક્ષ્મી પેલેસ, છીતુનગર સોસા., રણુજાધામની બાજુમાં પુણા બોમ્બે માર્કેટ રોડ, પુણાગામ, સુરત સંપર્ક નં.૯૮૨૪૨૧૧૫૧૦.

જોબવર્ક માટે લીધેલો સાડીનો માલ બારોબાર વેચી મરાયો

પુણાના વેપારી દ્વારા રૂા.૧૧.૫૪ લાખની છેતરપિંડી

સુરત

પુણાના વેપારી જગદીશ દેવરાજ જાંજાળીયાએ લાખો રૂપિયામાં ઉઠમણું કર્યું હતું. આરોપી જગદીશ દેવરાજ જાંજળીયાએ ફરિયાદી તથા અન્ય વેપારીઓ પાસેથી સાડી અને ઓંઢણીનો રૂા.૧૧,૫૪,૪૮૫નો માલ જોબવર્ક કરવા માટે લઈ જઈ બારોબાર વેચી દઈ ઠગાઈ કરી હતી. સલાબતપુરા પોલીસે વેપારી આશિષ દીપીનચંદ્ર શાહની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અડાજણ-પાલ રોડ પર રાહદારી ગૃહિણીનો સોનાનો અછોડો તોડાયો

બપોરના સમયે અછોડા તોડો મહિલાને લૂંટી ગયા

સુરત

અડાજણ સુમેરૂ રેસીડન્શી ખાતે રહેતી એક ગૃહિણીની સોનાની ચેઈનની લૂંટ કરી મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા લૂંટારૂઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ અડાજણ પોલીસ મથકે નોંધાતા પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ-પાલ એલ.પી. સવાણી રોડ પર આવેલ સુમેરૂ રેસીડેન્શીમાં રમીલાબેન મહેન્દ્રભાઈ ભણસાલી રહે છે. તેઓ ગત બપોરે ઘરમાંથી કામકાજ માટે બહાર ગયા હતા. ત્યારે મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમના ગળામાંથી એક તોલા સોનાની ચેનની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. રૂા.૩૧ હજારની મતાની કિંમતની સોનાની ચેનની લૂંટ કરવાની ઘટનામાં ગૃહિણીએ અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી ગુનાવાળી જગ્યાનું પંચનામું પણ કર્યું હતું.

વધુ ફી વસૂલતી હોવાની ફરિયાદ અંગે એસડી જૈન સ્કૂલમાં ડીઈઓની તપાસ



વેસુ સ્થિત એસ.ડી. જૈન શાળામાં ફરી વાલીઓના ટોળા એકત્ર થયા

સુરત

ફી રેગ્યુલેટરી કમિટી (એફઆરસી) દ્વારા નક્કી કરવામાં આવેલ ફી મુજબ ચેક ન સ્વીકારતા એસ.ડી. જૈન સ્કૂલના વાલીઓ દ્વારા ગતરોજ ડીઈઓને રજૂઆત કરી હતી. જેના આધારે આજે એફઆરસી અને ડીઈઓની ટીમ દ્વારા એસ.ડી. જૈન સ્કૂલ ખાતે બેઠક યોજવામાં આવી છે. ખાનગી શાળા સંચાલકો દ્વારા વાલીઓ પાસેથી બેફામ ફી ઉઘરાણી અટકાવવા માટે રાજય સરકાર દ્વારા એફઆરસીની નિમણૂંક કરી છે. એફઆરસી દ્વારા એસ.ડી. જૈન સ્કૂલ માટે નક્કી કરવામાં આવેલ ફી મુજબ વાલીઓ ચેક લઈને ભરવા માટે ગયા હતા. પરંતુ સ્કૂલ સંચાલકો દ્વારા એફઆરસી દ્વારા નક્કી કરેલ ફીનો ચેક સ્વીકારવાનો વિરોધ કર્યો હતો. ગતરોજ એસડી જૈનના વાલીઓ દ્વારા ડીઈઓ કચેરીએ જઈ રજૂઆત કરી હતી. આજે ડીઈઓ કચેરી અને એફઆરસીની ટીમ એસ.ડી. જૈન સ્કૂલ ખાતે પહોંચી છે. વાલીઓ સકૂલના મુખ્ય ગેટ ખાતે ફીનો ચેક લઈને ઊભા છે. એફઆરસી, ડીઈઓની ટીમ સ્કૂલ સંચાલકો સાથે બેઠક યોજીને એફઆરસી દ્વારા નક્કી કરેલ ફીનો ચેક કેમ સ્વીકારતા નથી તે અંગે ચર્ચા વિચારણા ચાલી રહી છે. બપોર સુધી આ અહેવાલ લખાય છે ત્યાં સુધી સ્કૂલ દ્વારા ચેક સ્વીકારવામાં આવ્યો નથી.

યુરોપીયન દેશ નેધરલેન્ડના રોટર ડેમ શહેરની ટેક્નીકલ ટીમ સુરતની મુલાકાતે

રોટર ડેમ સુરતને ટેક્નીકલ સહાય પૂરી પાડશે

સુરત

આજે વિશ્વના સૌથી વધુ વિકસતા શહેરોની યાદીમાં સુરત મોખરે છે. યુરોપના સૌથી મોટું બંદર એવું રોટરડેમ શહેર નેધરલેન્ડની મુખ્ય ગણાતી રહાઈન નદી કિનારે વસેલું ચે. રોટરડેમ શહેરથી નજીકના અંતરે રહાઈન નદી ''નોર્થ સી' દરિયામાં મળે છે. સમાન પ્રકારે તાપી નદીના છેવાડે આવેલ સુરત શહેર નજીકથી તાપી નદી અરબી સમુદ્રને મળે છે. તારીખ ૧૫ માર્ચ ૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકા અને યુરોપીયન યુનિયનના ઈન્ટરનેશનલ અર્બન કો.ઓપરેશન પ્રોગ્રામ અને ૧૦૦આરસી અંતર્ગત કરાર થયેલ હતા. આ કરાર હેઠળ સુરત અને નેધરલેન્ડના રોટરડેમ શહેર વચ્ચે સસ્ટેનેબલ ગ્રોથ અંગે પાર્ટનરશીપ થયેલ છે. આ કરાર હેઠળ પરિણામલક્ષી આયોજનો હાથ ધરાશે. આ કરારથી સુરતને વધુ ફાયદો થશે અને શહેર સુઆયોજિત તથા ટકાઉ શહેર તરીકે વધારે માન્યતા પ્રાપ્ત થશે. આ કરાર દ્વારા સુરતને જરૂરી ટેક્નોલોજી સહાય પ્રાપ્ત થવામાં સહાય મળશે.

રોટરડેમ શહેર સાથે થયેલ નોલેજ પાર્ટનરશીપના ભાગરૂપે સુરત શહેરની એક ટેક્નીકલ ટીમ સુરત મહાનગરપાલિકાના કમિશનરના અધ્યક્ષતામાં જુલાઈ ૨૦૧૮માં રોટરડેમ શહેરની મુલાકાતે ગઈ હતી. જેમાં તેઓએ રોટરડેમ શહેરની વોટર સપ્લાય વેસટ વોટરને લગતી વિશિષ્ટ સેવાઓની જાણકારી મેળવેલ હતી. આ નોલેજ પાર્ટનરશીપના ભાગરૂપે હવે રોટરડેમ શહેરની પાંચ સભ્યોની એક ટેક્નીકલ ટીમ કે જેમાં ત્યાંના ચીફ રેસીલીયટન્ટ ઓફિસર આરમોન્ડ મોલેનાર તથા ડીવાય. સીઆરઓ કોરીઆન ગેબાર્ડ તેમજ અન્ય સભ્યો સુરત મહાનગરપાલિકાના આમંત્રણથી તેમજ ઈન્ટરનેશનલ અર્બન કો ઓપરેસનના સહયોગથી તા.૧૧-૩-૨૦૧૯ થી તા.૧૫-૩-૨૦૧૯ દરમયિાન સુરત શહેરની મુલાકાતે આવેલ છે. જેના ભાગરપે આ ટીમ દ્વારા સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં મ્યુ. કમિશનરના અધ્યક્ષ સ્થાને સુરત મહાનગરપાલિકાના સીટી ઈજનેર તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તેઓએ સુરત મહાનગરપાલિકાની હયાત વ્યવસ્થા તેમજ કાર્યપ્રણાલી અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવેલ હતું.

બે ટ્રકોમાં ઠાંસી-ઠાંસીને ભરેલા ૨૭ પશુઓને ઉગારી લેવાયા

બન્ને ટ્રકોના ડ્રાઈવરો અને ક્લીનરોની ધરપકડ

સુરત

માંડવી-પીપલવાડા વિસ્તારમાંથી પસાર થઈ રહેલી બે જુદી જુદી ટ્રકોમાંથી પોલીસે ૨૭ પશુઓને છોડાવી ટ્રક ચાલકે ક્લીનરોની ધરપકડ કરી હતી. જ્યારે ત્રીજી ટ્રકનો ચાલક અને ક્લીનર ફરાર થઈ જતા તેને પોલીસ ચોપડે વોન્ટેડ બતાવ્યો હતો. પોલીસે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંડવી તાલુકાના પીપલવાડા ગામ પાસેથી સાયણ દરબાર ફળીયાના વતની દાઉદભાઈ મંસુરી, ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના કાનજીભાઈ વસાવા, રહીમખાન પઠાણ વગેરેઓ ટાટા ટ્રક નંબર જજે-૧૬-એક્સ-૮૯૭૮માં ૧૩ ભેંસો તથા ટ્રક નંબર જીજે-૧૮-એટી-૮૦૪૮માં ૧૪ ભેસો ખીચોખીચ તથા ઘાસચારા અને પાણીની કોઈ પણ વ્યવસ્થા કર્યા વિના ટ્રકમાં ભરીને જતા હતા. ત્યારે માંડવી પોલીસે રસ્તામાં બંને ટ્રકો રોકી ૨૭ મુંગા પશુઓને છોડાવ્યા હતા અને ટ્રક ચાલક અને ક્લીનરની ધરપકડ કરી હતી. જ્યારે ત્રીજી ટ્રકનો ચાલક જીજે-૧૦-વી-૫૫૧૦ ફરાર થઈ જતા તેને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આચારસંહિતા લાગુ થયાના બીજા દિવસ પણ અંક્લેશ્વરનું વહીવટી તંત્ર અમલ કરવામાં નિષ્ફળ ...?!



મહાવીર ટર્નિંગ પાસે સરકારી જાહેરાતનું મસમોટું હોલ્ડિંગ્સ ફોટા સાથે યથાવત સ્થિતિમાં અડીખમ ઉભુ હોવા છતાં તંત્રની આંખે પાટા બાંધ્યા હોય એમ નજરઅંદાજ કરાયું કે અન્ય કોઈ રાજકારણ રમાયું એ બાબતે અનેક ચર્ચા ત્યારે લોકોના મુખે એકજ ચર્ચા કે અંકલેશ્વર માં આચારસંહિતાનો અમલ ક્યારે થશે ..?

વન્ય અભિયારણમાં કેમિકલ નિકાલના કૌભાંડના મુખ્ય સૂત્રધારોમાં અંકલેશ્વરના વધુ એક ઈસમનું નામ જાહેર થયું

અંકલેશ્વર

કેમિકલ કૌભાંડ ના મુખ્ય સૂત્રધાર ગુડ્ડું એ જાંબુગોઢા અભિયારણ માં કેમિકલ ઠાલવવા ના ગુન્હા માં હાલોલ કોર્ટે તારીખ ૧૧.૦૩.૧૯ ના રોજ જામીન આપતા તેને કોર્ટ બહારથી શિવરાજ પુર રેન્જ માં ૧૪.૦૧.૧૯ ના રોજ કેમિકલ ઠાલવવા ના અન્ય ગુન્હા માં ફરીથી ધરપકડ કરી હતી. આજ રોજ ૧૨.૦૩.૧૯ ના રોજ બોડેલી કોર્ટ માં રજૂ કરતા એક દિવસ ના રિમાન્ડ મન્જુર થયા હતા જ્યાં રીમાન્ડ ની પૂછપરછ માં વધુ ખુલાસા કરતા તેણે જણાવ્યું હતું કે અંકલેશ્વર ના યોગી એસ્ટેટ માં ગોડાઉન રાખી કેમિકલ સપ્લાય કરતા અંકલેશ્વર ના નિલેશ ભાણા નામ ના ઈસમ પાસે થી કેમિકલ ખરીદ્યું હતું આમ વન વિભાગ દ્વારા હવે અંકલેશ્વર માં કેમિકલ સપ્લાય કરનાર નિલેશ ભાણા ની તપાસ કરી ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવેલ છે.



ઉમેદવારો/રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચાર માટે જાહેર તથા ખાનગી મકાનોના અધિકૃત વ્યક્તિ કે મકાન માલિકની પરવાનગી લેવી

મકાન માલિકની પરવાનગી લીધા સિવાય ચૂંટણીલક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીતરીને, ધજા, પતાકા લગાડીને મકાનોની દિવાલોને બગાડ કરવો નહિ

ભરૂચ

ભારતના ચૂંટણીપંચ ધ્વારા ગુજરાત લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મતદાન તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ હાથ ધરવામાં આવશે. તથા મતગણતરી તા.૨૫/૦૫/૨૦૧૯ નાં રોજ થશે.

ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો તથા ઉમેદવારો તરફથી શરૂ થનાર છે. જે માટે ઉમેદવારો/રાજકીય પક્ષો પોતાના ચૂંટણી પ્રચાર માટે અધિકૃત વ્યક્તિ કે, તેઓના કાર્યકરો મારફતે જાહેર તથા ખાનગી મકાનોના અધિકૃત વ્યક્તિ કે મકાન માલિકની પરવાનગી લીધા સિવાય ચૂંટણીલક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીતરીને, ધજા, પતાકા લગાડીને મકાનોની દિવાલોને બગાડ કરવાની શકયતા રહે છે. આચારસંહિતાની જોગવાઈનો અમલ કરવા અને જાહેર જનતાની માલ, મિલકતને તેમની ઈચ્છા વિરૂદ્ધ થતું નુકશાન, હાનિ, બગાડ અટકાવવા માટે આદેશ કરવો ઉચિત જણાતું હોઈ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી રવિકુમાર અરોરાને મળેલ સત્તાની રૂ એ હુકમ કર્યો છે કે, સમગ્ર ભરૂચ જિલ્લાના મહેસૂલી વિસ્તારમાં કોઈ પણ રાજકીય પક્ષો તથા ઉમેદવારોએ અથવા તેઓના કાર્યકરો કે સમર્થકો ધ્વારા ઉપરોક્ત વિસ્તારમાં આવેલ જાહેર કે ખાનગી મકાન, મિલકત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલકત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલિકની પરવાનગી સિવાય ચૂંટણીલક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સુત્રો/નિશાનીઓ લખવા વિગેરે પ્રકારનું કોઈ પણ ચૂંટણીલક્ષી પ્રચાર માટેનું કૃત્ય કરી મિલકતને હાની, નુકશાન કે બગાડ કરવો નહિ કે કરવા દેવો નહિ. જાહેર કે ખાનગી મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંપાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો. એક રાજકીય પક્ષના કાર્યકરો કે ટેકેદારો અન્ય રાજકીય પક્ષો ધ્વારા આયોજીત કરવામાં આવેલ સભામાં તેમના પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરી ખલેલ કરશે નહી તેમજ એક પક્ષ ધ્વારા લગાવવામાં આવેલ પોસ્ટર બીજા પક્ષના કાર્યકરો કે ટેકેદારો દુર કરી શકશે નહી.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં જણાવવામાં આવે છે કે, આ શબ્દ પ્રયોગમાં મિલ્કત, ધોરીમાર્ગ અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા, તેના ઉપર જાહેર જનતાના માર્ગદર્શન માટે અથવા માર્ગ/દિશા બતાવવા માટે મુકેલ સાઈન બોર્ડ, માઈલ સ્ટોન, રેલ્વે ફાટક તથા તેના ચેતવણીરૂપ નોટિસ બોર્ડ, રેલ્વે પ્લેટ ફોર્મ, બસ ટર્મીનલના કોઈ પણ પ્રકારના બોર્ડ કે જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શિત કરેલ અન્ય કોઈ પણ પ્રકારના બોર્ડનો સમાવેશ થશે. પરંતુ તેટલા પૂરતો મર્યાદિત રહેશે નહિ.

આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

લોકસભા સામાન્ય ચૂંટણી સંદર્ભે દસ થી વધુ વાહનોના કાફલા પર પ્રતિબંધ

ભરૂચ

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને જિલ્લામાં મતદાનની તા.૨૩/૦૪/૨૦૧૯ તેમજ મતગણતરી તા.૨૩/૦૫/૨૦૧૯ નાં રોજ નક્કી કરવામાં આવેલ છે. લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ દરમ્યાન ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુથી રાજકીય પક્ષો ઉમેદવાર તથા લોકોના વાહનો જાહેર રસ્તા ઉપર મોટી સંખ્યામાં એક સાથે ફરે તો લોકોમાં ભય પેદા થઈ શકે છે અને ટ્રાફીકને અડચણ ઉભી થઈ શકે છે. વધુમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રસ્તાઓ ઉપર મોટા પ્રમાણમાં વાહનો ફેરવવામાં આવતા હોય છે. જેનાથી જાહેર રસ્તાઓ ઉપર જતા સર્વે પ્રકારનાં વાહનો તથા સવાર થઈને જનાર અથવા ગાડીમાં જનારા અથવા સાયકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓને અગવડ ઊભી થવા સંભવ છે. જે ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે. જેને અનુલક્ષીને ભરૂચ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી રવિકુમાર અરોરાએ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ મળેલી સત્તાની રૂએ ભરૂચ જિલ્લામાં જાહેર રસ્તાઓ પર દસ(૧૦) થી વધુ વાહનોના કાફલામાં મોટરકાર અન્ય વાહનો ઉપર અવર-જવર કરવા દેવામાં આવશે નહી. આ હુકમ મેજીસ્ટ્રેટ અને પોલીસના વાહનોને અને ચૂંટણી કામે જતા સરકારી વાહનોને, સક્ષમ અધિકારી દ્વારા ચૂંટણીના કામે સંપાદન કરેલ વાહનોને લાગું પડશે નહિ. આ હુકમના ભંગ કે ઉલ્લંઘન બદલ કાયદાની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર થશે.



ચૂંટણી અધિકારીની કચેરીની ૧૦૦ મીટરના વિસ્તારમાં ઉમેદવાર/ઉમેદવારી પત્ર રજૂ કરનાર સહિત વધુમાં વધુ પાંચ વ્યક્તિઓ તથા વધુમાં વધુ ત્રણ વાહનો પ્રવેશ કરી શકશે

ભરૂચ

ભારતના ચૂંટણીપંચ - નવી દિલ્હી ધ્વારા તા.૧૦/૦૩/૨૦૧૯ થી આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ ભરૂચ જિલ્લામાં મતદાન તા.૨૩/૦૩/૨૦૧૯ થી તા.૦૪/૦૪/૨૦૧૯ દરમ્યાન ઉમેદવારી પત્રો ભરવાનો કાર્યક્રમ નક્કી થયેલ છે.

ભારતનાં ચૂંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ સૂચના મુજબ ઉમેદવારી પત્રો ભરવાનાં સમયે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં કચેરીઓની ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ઉમેદવાર/ઉમેદવારી પત્ર રજુ કરનાર સહિત વધુમાં વધુ ૫(પાંચ) વ્યક્તિઓ તથા વધુમાં વધુ ત્રણ વાહનો પ્રવેશ કરવા સૂચના આપવામાં આવેલ છે.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી રવિકુમાર અરોરાએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂ એ હુકમ કર્યો છે કે, તા.૨૮/૦૩/૨૦૧૯ થી તા.૦૪/૦૪/૨૦૧૯ (બંને દિવસો સહિત) સુધી ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની ૧૦૦ મીટરના વિસ્તારમાં ઉમેદવાર/ઉમેદવારી પત્ર રજૂ કરનાર સહિત વધુમાં વધુ ૫(પાંચ) વ્યક્તિઓ તથા વધુમાં વધુ ત્રણ વાહનો પ્રવેશ કરી શકશે. ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારીશ્રી અને કર્મચારીઓને. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રી તથા હોમગાર્ડને આ હુકમ લાગુ પડશે નહિ.

ચૂંટણી અનુલક્ષીને ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા કેટલાંક નિયંત્રણો મુકાયા

ભરૂચ

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ ને લક્ષ્યમાં લઈ ભરૂચ જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલા લેવા જરૂરી છે. તે માટે ભરૂચ જિલ્લામાં કોઈ પણ પ્રકારના કાયદાનો ભંગ ન થાય અને જાહેર સલામતિ અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તેમજ હાલમાં લોકસભા ચૂંટણીને અનુલક્ષીને કેન્દ્રિય ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ મુજબ બહાર પાડેલા ચૂંટણી આચારસંહિતાની જોગવાઈઓના અમલ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી રવિકુમાર અરોરા એ એક હુકમ ધ્વારા ભરૂચ જિલ્લાના સમગ્ર મહેસુલ વિસ્તારમાં તા.૧૦/૦૩/૨૦૧૯ કલાક ૧૮:૦૦ થી તા.૨૩/૦૫/૨૦૧૯ કલાક ૨૪:૦૦ સુધી કેટલાક કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જેમાં છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાની અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની અથવા આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નિતીનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો આપવાની અથવા ચાળા કરવાની અને ચિન્હો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવા જેવા કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન તમામ હથિયાર પરવાનેદારોને હથિયાર સાથે ફરવા ઉપર પ્રતિબંધ

ભરૂચ

ભારતના ચૂંટણીપંચ ધ્વારા ગુજરાત લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે મુજબ મતદાન તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ હાથ ધરવામાં આવશે. તથા મતગણતરી તા.૨૩/૦૫/૨૦૧૯ નાં રોજ થશે. ભરૂચ જિલ્લામાં મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન જાહેર જનતાની સલામતી રહે, સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર સમગ્ર ભરૂચ જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાતા જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી રવિકુમાર અરોરાએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી હુકમ કર્યો છે કે, ભરૂચ જિલ્લાના સમગ્ર વિસ્તારના કોઈ વ્યકિતને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહિ, તેમજ હથિયાર પોતાના રહેઠાણના નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા તેમજ ભરૂચ જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનારા વ્યકિતઓ કે જેઓ હાલમાં ભરૂચ જિલ્લામાં વસવાટ કરતા હોય તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવા તથા હથિયાર ધારણ કરી હરવું ફરવું નહિ.(તા.૧૦/૦૩/૨૦૧૯ થી તા.૨૮/૦૫/૨૦૧૯ સુધી) વધુમાં જે કિસ્સાઓમાં હથિયાર પરવાનેદારોને હથિયાર એક જ જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે જે જર્ની પરમીટો આપવા માં આવેલ હશે તો તે પણ ઉપરોક્ત સમય દરમ્યાન રદ ગણવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ હુકમ સરકારી નોકરી કે કામ કરતી વ્યક્તિઓ કે તેના ઉપરી અધિકારીએ આવું કોઈ પણ હથિયાર લઈ જવાનું કાયદાકીય ફરજનો ભાગ હોય તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષક આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ ચુંટણી પ્રચાર માટે ધાર્મિક સ્થળો/સંસ્થાઓના ઉપયોગ પર પ્રતિબંધ

ભરૂચ

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને જિલ્લામાં મતદાનની તા.૨૩/૦૪/૨૦૧૯ તેમજ મતગણતરી તા.૨૫/૦૫/૨૦૧૯ નાં રોજ થનાર છે. ભરૂચ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી રવિકુમાર અરોરા એ મળેલી સત્તાની રૂએ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી જાહેર જીવનને સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે જેથી ધાર્મિક સ્થળોનો ચૂંટણીલક્ષી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે માટે નિયંત્રણો મુકયા છે. ભરૂચ જિલ્લામાં સમગ્ર વિસ્તારોમાં આવેલ કોઈપણ મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો કે ચૂંટણી પ્રચાર અંગેનાં કોઈ પણ પ્રકારનાં હેતુ માટે તા.૧૦/૦૩/૨૦૧૯ થી તા.૨૩/૦૫/૨૦૧૯ નાં સમયગાળા સુધી ઉપયોગ કરી શકાશે નહી. આ હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

રાજપીપળા શહેરમાં એક બાદ એક ચંદન ચોરોનો આતંક,ચંદના વધુ છ ઝાડની ચોરી

અગાઉ દરબાર રોડ લક્ષ્મીનારાયણ મંદિર માંથી ચંદનનું ઝાડ ઈલેકટ્રીક કટરથી કાપી લઈ ગયા બાદ થોડાજ દિવસમાં વડિયા ફોરેસ્ટ કોલોનીમાં બે ચંદનના ઝાડની ચોરી અને હાલ સતત બીજી વખત પણ વડિયા ફોરેસ્ટ કેમ્પસ માંજ ચોરી થતા અનેક સવાલ જંગલ ખાતામાં કેમ્પસમાંથીજ જો ચોરી થતી હોય તો વન વિભાગની કામગીરી પર પણ અનેક સવાલ





ચંદનના વૃક્ષ એકજ ઢબે ઈલેકટ્રીક કટર થી કાપી ચોરી થવા છતાં ચોરો પોલીસ પકડથી દૂર

રાજપીપળા : રાજપીપા શહેરમાં એક બાદ એક ચંદનના વૃક્ષ કી ચોરી જવાનો સિલસિલો યથાવત રહેતા પોલીસ અને વન વિભાગની કામગીરી પર અનેક સવાલ ઉઠી રહ્યા છે ત્યારે સોમવારે વધુ છ ચંદનના વૃક્ષ કાપી ચોરો પોલીસને જાણે ચેલેન્જ કરી રહ્યા હોય એમ લાગી રહ્યું છે.

રાજપીપળા વડિયા પેલેસમાં આવેલી ફોરેસ્ટ કોલોનીમાં સતત બીજી વખત ચંદનના વૃક્ષની ચોરી થતા વન વિભાગ પર અનેક સવાલ ઉઠ્યા છે અગાઉ રાજપીપળા દરબાર રોડ પર આવેલા લક્ષ્મીનારાયણ મંદિરના કમ્પાઉન્ડ માંથી ચંદનનું વૃક્ષ કાપી ચોરો પલાયન થયા બાદ થોડાજ દિવસમાં વડિયા પેલેસ ખાતે આવેલી ફોરેસ્ટ કોલોનીમાં બે ચંદનના વૃક્ષની ચોરી થઈ પરંતુ આ બંને ચોરીની ફરિયાદમાં પોલીસ ચોને પકડામાં નિષ્ફળ ગઈ હતી ત્યાંજ સોમવારે વડિયા ફોરેસ્ટ કોલોની માંથીજ વધુ ૬ ચંદનના વૃક્ષની ચોરી થતા એ બાબતે સંશોધન વિભાગ, રાજપીપળાના રેન્જ ફોરેસ્ટર રણજીતસિંહ ચૌહાણે રાજપીપળા પોલીસ મથકે ફરિયાદ આપી હતી જેમાં પોલીસે ચંદનના ૬ ઝાડ જેની કિંમત ૨૦ હજાર લખી ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે પરંતુ મહામુલા અને પવિત્ર ગણાતા ચંદન ના વૃક્ષ ની એક બાદ એક ચોરી કોણ કરી રહ્યું છે એ પગેરું મેળવવામાં પોલીસને સફળતા મળશે ખરી અને વન વિભાગના અધિકારીઓ પણ પોતાની કોલોની માંથી થતી આ ચોરી બાબતે કેમ મૌન સેવી રહ્યા છે ...? કેમ રાત્રી સિક્યુરિટી કડક નથી તેવા ઘણા સવાલ હાલ ઉઠ્યા છે .

ફોરેસ્ટ કોલોનીનું કેમ્પસ મોટું હોવા છતાં રાત્રે સિક્યુરિટી કેમ મુકાયા નથી

વડિયામાં આવેલી ફોરેસ્ટ કોલોનીનું મસમોટું કેમ્પસ છે અને અગાઉ પણ આજ રીતે ચંદનના બે ઝાડની ચોરી થઈ હોવા છતાં ત્યાં ફક્ત દિવસે સિક્યુરિટી ગાર્ડ ફરજ પર મુકેલા છે ત્યારે સવાલ એ થાય છેકે રાત્રે કેમ સિક્યુરિટી મુકવામાં આવ્યા નથી...?! પોલીસ ની સાથે સાથે જેતે વિભાગના અધિકારીઓ ની પણ એટલીજ જવાબદારી છે .ત્યારે ચંદન જેવા કિંમતી ઝાડ માટે વન વિભાગ આગળ શું પગલાં લેશે એ જોવું રહ્યું .

નાંદોદ તાલુકાના સોઢાલિયાં ગામે ત્રણ યુવાનોએ મહિલા પર હુમલો કર્યો

મહિલાએ ત્રણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી,દલિત મહિલા પર હુમલો કરી જાતિવિષયક ઉચ્ચારણ કરતા એક્રોસિટીનો ગુનો દાખલ

રાજપીપળા : નાંદોદ તાલુકાના સોઢાલિયાં ગામે એક દલિત મહિલા પર ખેતરમાંથી મકાઈ કેમ કાપી જાય છે એમ કહી મારામારી કરી મહિલાને ઈજાઓ પહોંચી હોય મહિલાએ રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ હુમલાખોરો વિરુદ્ધ એક્રોસિટીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના સોઢાલિયાં ગામે પરમાર ફળિયામાં રહેતી દલિત મહિલા ભાવના ભલુંભાઈ પરમાર ગત રોજ ઘરે જમવાનું બનાવતી હતી ત્યારે ગામના પ્રતાપ નટુ રાજપૂત ત્યાં આવી મારા ખેતરમાંથી મકાઈ કેમ કાપી લાવે છે એમ કહી ઝગડો કર્યો ત્યારે મહિલા એ કહ્યું કે કોઈ મકાઈ નથી કાપી તેથી પ્રતાપે ઉસ્કેરાઈ પેટમાં લાતો મારી છુટ્ટા હાથે મારામાર્યો હતો. જેમાં લખા પ્રવીણ રાજપૂત, પ્રવીણ રણજિત રાજપૂત આ ત્રણેય ભેગા મળી આ દલિત મહિલાને માર માર્યો અને જાતિવિષયક ઉચ્ચારણો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા. આ મહિલાના પતિ અને દીકરો આવી જતા તેને સારવાર માટે રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં લાવવા માં આવી હતી. ભાવનાબેને રાજપીપળા પોલીસે પ્રતાપ નટુ રાજપૂત, લખા પ્રવીણ રાજપૂત, પ્રવીણ રણજિત રાજપૂત મળી ત્રણ વિરુદ્ધ એક્રોસિટીનો ગુનો દાખલ કરી તાસ હાથ ધરી છે.

એલસીબીએ ૩.૬૦ લાખનો ગાંજો જપ્ત કર્યો, ૪ની ધરપકડ

સુરત

ઓલપાડના સાયણ ગામ ખાતે એલસીબીએ બાતમી આધારે દરોડા પાડ્યા હતા. અને ગાંજાના જથ્થા સાથે ચારને ઝડપી પાડ્યા હતા. એલસીબીએ આરોપીઓ પાસેથી કુલ ૩.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. એલપાડના કારેલી ગામ ખાતે આવેલી સિદ્ધી રેસીડેન્સીમાં સુરત ખાતે ભાડાના મકાનમાં રહેતા ચાર ઈસમો ગાંજો લાવીને વેચાણ કરતા હોવાની એલસીબીને બાતમી મળી હતી. બાતમી આધારે ટીમ બનાવી રેડ કરવામાં આવી હતી. જેમાં ઉપેન્દ્ર સુદર્શન પ્રધાન, પ્રભાકર બિદેશ મુન્ની, ભગવાન દંડયાન પોઈડા અને અજીત ગૌડાને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. એલસીબીએ આરોપી પાસેથી ૫૪.૦૪ કિલો ગાંજાનો જથ્થો કિંમત ૩.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ત્રણ આરોપીઓને વોન્ડેટ જાહેર કર્યા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી ઉપેન્દ્ર બે મહિનાથી આ ધંધો કરતો હતો.અને તેલંગાણા રાજ્યના કાંચીગુડા ખાતે રહેતા ઈમરાન નામના ઈસમ પાસેથી ગાંજોલાવી અન્ય આરોપીઓ સાથે મળી વેચાણ કરતો હતો. આરોપીઓ સુરતના અશ્વિનીકુમાર ખાતે ગાંજો આપવાનું કામ કરતા હતા. ગાંજાના વેચાણથી મળેલી રકમ સરખા ભાગે વહેંચી લેતા હતા.



અગાઉ બનેલા અસંખ્ય આધારકાર્ડમાં એજન્સી દ્વારા છબરડા બાદ હાલ તેને સુધારવા લોકો ધક્કે ચઢે છે

બેંક સહિતના દરેક કામ માટે અત્યંત જરૂરી આધાર કાર્ડની કામગીરી નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે ફક્ત બે કચેરીઓ પરજ થતી હતી એ પણ બંધ થતા લોકો અટવાયા



રાજપીપળા શહેરમાં પંદર દિવસથી આધાર કાર્ડની કામગીરી બંધ થતા લોકો ધક્કે ચઢી રહ્યા છે

રાજપીપળા : નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે છેલ્લા પંદર દિવસથી આધાર કાર્ડની કામગીરી બંધ થઈ જતા લોકો ધક્કે ચઢી રહ્યા છે ત્યારે જીલ્લા નું વડું મથક હોવા છતાં રાજપીપળા શહેરમાં નગર પાલિકા અને મામલતદાર કચેરી મળી ફક્ત બે જગ્યાએ આધારનું કામ થતા આમ પણ લાંબી લાઈનો પડતી હતી જેમાં હાલ પંદર દિવસથી પાલિકા ખાતે કામ કરતા એજન્સીના માણસો કામગીરી બંધ થતા ઓફિસને તાળા મારી દેતા લોકો અટવાઈ પડ્યા હતા ત્યારે આ કામગીરી કોઈ પણ જાહેરાત કે જાણ કર્યા વગર બંધ કરી દેતા દૂર દૂર થી આવતા લોકો હાલ ૧૫ દિવસથી ધક્કે ચઢી રહ્યા છે .

સોફ્ટવેર અપડેટ માં હોવાથી હાલ કામ બંધ છે : સુપરવાઈઝર

આધાર કાર્ડની કામગીરી કરતા સુપરવાઈઝર મુકેશ વસાવા એ જણાવ્યું કે રાજપીપળામાં મામલતદાર અને પાલિકા આ બે જગ્યા પર કામ ચાલતું હતું પણ હાલમાં પાલિકા પરનું કામ બંધ છે જયારે મામલતદાર કચેરી પર કામ ચાલુ છે પાલિકા કચેરી પર ચાલતી કામગીરીનું સોફ્ટવેર અપડેટમાં ગયું હોય જયારે આવશે ત્યારે ચાલુ થશે.

એક તરફ આધાર કાર્ડ જરૂરી દસ્તાવેજ છે ત્યારે અગાઉ બનેલા કાર્ડ માં ઉપરથી જ ઘણી ભૂલો કાર્ડ માં થઈ હતી જેમાં અટક,નામ કે જન્મ તારીખ ના પુરાવા આપવા છતાં કોઈક ક્ષતિ કે ભૂલ ના કારણે લોકો ના કાર્ડ માં ઘણા છબરડા થયા બાદ એને સુધારવા પૈસા ખર્ચી લાંબી કતારમાં ઉભા રહી લોકો કામધંધો છોડી કલાકો બગાડી સુધારા માટે દોડે છે જેમાં ઘણા લોકોના કાર્ડ બે ત્રણ મહિના થવા છતાં મળ્યા નથી ત્યારે એજન્સીની ઢીલી કામગીરી કે ઉપર લેવલની ભૂલ ગમે તે હોય પણ હાલ લાભાર્થીઓ ધક્કે ચઢી રહ્યા છે ત્યારે નગરપાલિકા કચેરી પર અને અન્ય જગ્યા પર આધારની કામગીરી જલ્દી શરુ થાય એવી માંગ છે .

ગરુડેશ્વરના જંતર ગામે જમીન ખેડવા બાબતે ધીંગાણું : ૩ સામે ફરિયાદ

રાજપપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના જંતર ગામે જમીન ખેડવા બાબતે મારામારી થઈ જેમાં ત્રણ શકશો ભેગા મળીને મારામારી કરી પોલીસે ત્રણ સામે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી.

પ્રાપ્તમાહિતી અનુસાર જંતર ગામના ઉખડા ફાળિયામા રહેતા રમણ વિરમા વસાવા તેના દીકરા વાહરીયા સાથે ગામમાં આવેલ દુકાને ચોખા સીધું લેવા ગયેલ તે વખતે વખતે જંગલની જમીન ખેડવા બાબતની અદાવત રાખી દામીયા શંકર વસાવા, સેંવંતી શંકર વસાવા, રૂપજી મુળજી વસાવા ત્રણેય આવી ગમેતેમ અશબ્દો બોલી મારી જમીન કેમ ખેડે છે કહી ઝઘડો તકરાર કરી તેની પસેની બેટરી લઈ માથામાં તેમજ મોઢાના ભાગે મારી ઈજા કરી લોહી લુહાણ કરી તેની સાથેના બીજા સાથીઓએ ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જે બાબત ની ફરિયાદ કરતા પોલીસે તપાસ ચાલુ કરી.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847